**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૭ ❖ ૧૦, માર્ચ-૨૦૧૦

૨૩, રબી.અવ્વલ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૩

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સુલેમાન આઈ. માસ્ટર

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી વલીભાઈ નુરભાઈ આગલોડીયા
મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ ઈલાહી જ્ઞાન | ૦૯ |
| ❋ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૫ |
| ❋ ઝુંબિશે લબ | ૨૦ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❋ નહજુલ બલાગહ | ૨૫ |
| ❋ અરબી મૂળાક્ષરોનો પરિચય | ૨૮ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૯ |
| ❋ ગડમથલ | ૩૧ |
| ❋ કેન્સર વિશે સામાન્ય માહિતી | ૩૩ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૫ |
| ❋ મશાયખવાણી | ૩૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૧ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૪૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૪૭ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૯ |


## ઊઘડતે પાને...

અલ્લામા મોહંમદ બિન અલી શહર આશૂબ લખે છે :

ખાલિદ બિન સમાં બયાન કરે છે :

'એક દિવસ હારૂન રશીદે એક માણસને પોતાની પાસે બોલાવ્યો કે જેનું નામ અલી બિન સાલેહ તાલ્કાની હતું.'

હારૂન રશીદે તેને પૂછયું,

'શું તું એ જ માણસ છે કે જેને વાદળો ચીનથી ઉપાડીને તાલ્કાન લઈ આવ્યાં હતાં ?'

તેણે કહ્યું,

'હા. હું એ જ છું.'

તેણે પૂછયું,

'શું બન્યું હતું તે મને બતાવ. આવું બધું કેવી

રીતે બન્યું ?'

તાલ્કાનીએ કહ્યું,

'હું એક વહાણમાં બેઠેલો હતો. જ્યારે મારું વહાણ સમુદ્રના એ સ્થળે પહોંચ્યું કે જ્યાં સમુદ્ર સૌથી વધારે ઊંડો હતો તો એ વખતે ઓચિંતું જ મારું વહાણ તૂટી ગયું. ત્રણ દિવસો સુધી હું વહાણના પાટિયા પર પડ્યો રહ્યો અને સમુદ્રનાં મોજાં મને થપાટો મારતાં રહ્યાં. ત્યાર પછી સમુદ્રનાં મોજાંએ મને જમીન પર ફેંકી દીધો. એ જગ્યાએ ઝરણાં અને બગીચા હતા. હું એક વૃક્ષના છાંયડામાં સૂઈ ગયો. એ અરસામાં મેં એક ભયંકર અવાજ સાંભળ્યો. એના ડરને લીધે જ હું જાગી ગયો. ત્યાર પછી મેં ઘોડાઓને અંદરો અંદર લડતા જોયા. મેં આવા સુંદર ઘોડા કદી જોયા ન હતા. તેમણે જ્યારે મને જોયો તો તે ઘોડા સમુદ્રમાં ચાલ્યા ગયા.

મેં એ સમયે એક અજબ પ્રકારનું પક્ષી જોયું કે જે ત્યાં આવીને બેસી ગયું. પહાડની ગુફાની નજીક હું વૃક્ષોમાં લપાતો છુપાતો તેની નજીક પહોંચ્યો જેથી કરીને હું તેને સારી રીતે જોઈ શકું. પક્ષીએ જ્યારે મને જોયો તો તે ઉડી ગયું. હું તેની પાછળ પાછળ નીકળી પડ્યો. જ્યારે હું ગુફાની નજીક ગયો તો ત્યાં મને તસ્બીહ, તહ્‌લીલ, તકબીર અને કુરઆનની તિલાવતનો અવાજ સંભળાયો. હું ગુફાની નજીક ગયો. અવાજ કરનારે મને સંબોધીને કહ્યું,

'અય અલી બિન સાલેહ તાલ્કાની ! ખુદા તમારા ઉપર રહેમ કરે. ગુફાની અંદર આવી જાઓ.'

હું ગુફાની અંદર ચાલ્યો ગયો. ત્યાં મેં હાથવણાટનાં કપડાં પહેરેલ માણસને જોયા. મેં તેમને સલામ કરી જેનો તેમણે જવાબ આપ્યો. પછી તેમણે મને ફરમાવ્યું,

'અય અલી બિન સાલેહ તાલ્કાની ! તમે ખાણમાં કામ કરનાર છોકરા છો. ભૂખ, તરસ અને ભયની કસોટીમાંથી પાર ઉતરેલ છો. અલ્લાહ તઆલાએ તમારા ઉપર રહેમ કરી છે, તમને છુટકારો આપ્યો છે. તમને પવિત્ર પાણી પીવડાવ્યું છે. હું એ સમયને જાણું છું કે જ્યારે તમે વહાણ ઉપર ચઢ્યા હતા અને સમુદ્રમાં પણ રહ્યા હતા. તમારું વહાણ તૂટી ગયું. કેટલીય વાર સુધી તમે મોજાંઓની થપાટો ખાતા રહ્યા. તમે તમારી જાતને સમુદ્રમાં પાડી દેવાનો ઈરાદો કર્યો. જો એવું કર્યું હોત તો જાતે જ મોતને આમંત્રણ આપ્યું હોત. તમે ખૂબ મુસીબત વેઠી. હું એ સમયને પણ જાણું છું કે જ્યારે તમને નજાત મળી અને તમે બે સુંદર વસ્તુઓ જોઈ. તમે પક્ષીનો પીછો કર્યો. જ્યારે તેણે તમને જોયા તો તે આકાશ તરફ ઉડી ગયું. અલ્લાહ તઆલા તમારા ઉપર રહેમ કરે, આવો, અહીં આવીને બેસી જાઓ.'

જ્યારે મેં તે માણસની વાત સાંભળી તો મેં તેમને કહ્યું,

'હું તમને અલ્લાહ તઆલાનો વાસ્તો આપીને પૂછું છું કે તમે મને એ બતાવો કે મારી હાલત વિષે તમને આ બધું કોણે બતાવ્યું ?'

જવાબ મળ્યો,

'તે ઝાતે પાકે મને બતાવ્યું કે જે જાહેર અને બાતિન(પ્રગટ અને અપ્રગટ)ને જાણવાવાળો છે.'

પછી તેમણે મને કહ્યું,

'શું તમે ભૂખ્યા થયા છો ?'

મેં અરજ કરી,

'બેશક, હું ભૂખ્યો છું.'

આ સાંભળીને આપે પોતાના હોઠ હલાવ્યા અને તરત જ રૂમાલથી ઢાંકેલું એક દસ્તરખ્વાન હાજર થઈ ગયું. તેમણે દસ્તરખ્વાન ઉપરથી રૂમાલ ઉઠાવી લીધો. પછી ફરમાવ્યું,

'આવો, અને અલ્લાહ તઆલાએ જે રોજી આપી છે તે ખાઓ.'

મેં ખાવાનું ખાધું. આવું પવિત્ર ખાણું તો મેં

મારી જિંદગીમાં કદી ખાધું ન હતું. પછી મને પાણી પીવડાવ્યું. મેં આવું સ્વાદિષ્ટ અને મીઠું પાણી કદી પીધું ન હતું. ત્યાર પછી તેમણે બે રકાત નમાઝ પઢી અને મને ફરમાવ્યું,

'અય અલી ! શું તમે ઘેર જવા ઈચ્છો છો ?'

મેં અરજ કરી,

'હું મારા વતનથી ઘણે દૂર (ચીનના ઈલાકામાં) પડ્યો છું. અહીં મારી મદદ કોણ કરી શકે તેમ છે ? અને હું કેવી રીતે અહીંથી વતન જઈ શકું તેમ છું ?'

તેમણે કહ્યું,

'ગભરાઓ નહીં. અમે અમારા દોસ્તોની મદદ કર્યા કરીએ છીએ. અમે તમારી પણ મદદ કરીશું.'

ત્યાર પછી તેમણે દુઆ માટે હાથ ઊંચા કર્યા. ઓચિંતા જ વાદળોના ટુકડા આવવા લાગ્યા અને તેમણે ગુફાના દરવાજાને ઘેરી લીધો. જ્યારે વાદળો તેમની સામે આવ્યાં તો વાદળોએ ખુદાના હુકમથી તેમને સલામ કરી,

'અય અલ્લાહના વલી અને તેની હુજ્જત ! આપના ઉપર સલામ થાય.'

તેમણે સલામનો જવાબ આપ્યો. પછી તેમણે વાદળના એક ટુકડાને પૂછ્યું,

'તારો ક્યાં જવાનો ઈરાદો છે ? અને કઈ જમીન પર જવા માટે તને મોકલવામાં આવ્યું છે?'

તેણે જમીનનું નામ લીધું અને તે ચાલ્યું ગયું. પછી વાદળનો બીજો એક ટુકડો સામે આવ્યો અને આવીને સલામ કરી. તેમણે તેનો જવાબ આપ્યો. પછી પૂછ્યું,

'તું ક્યાં જવા માટે આવ્યું છે ?'

તેણે કહ્યું,

'મને તાલ્કાન જવાનો હુકમ આપવામાં આવ્યો છે.'

પછી આપે ફરમાવ્યું,

'અય ખુદાએ વહદહુ લાશરીકની ઈતાઅત કરનારા વાદળ ! જેવી રીતે તું અલ્લાહ તઆલાએ અમાનત તરીકે આપેલી વસ્તુઓને ઉપાડીને લઈ જાય છે એવી જ રીતે આ મોમિન બંદાને પણ તારી સાથે લઈ જા.'

જવાબ મળ્યો,

'આપનો હુકમ સર આંખો પર.'

પછી તેમણે વાદળને હુકમ આપ્યો,

'જમીનની બરાબર (સમાન્તર) થઈ જા.'

તે વાદળ જમીન સરખું થઈ ગયું પછી તેમણે મારા બાવડાને પકડીને તેના ઉપર મને બેસાડી દીધો. વાદળ હજુ તો ઉડવા પણ પામ્યું ન હતું કે મેં તેમની ખિદમતમાં અરજ કરી,

'હું આપને અલ્લાહ તઆલાની કસમ અને મોહંમદ મુસ્તફા(સ.) અને અઈમ્મએ તાહેરીન (અ.)નો વાસ્તો આપીને પૂછું છું કે આપ મને એ બતાવો કે આપ કોણ છો ? અને આપનું મુબારક નામ શું છે ?'

ઈરશાદ ફરમાવ્યો,

'અય અલી બિન સાલેહ તાલ્કાની ! હું જમીન ઉપર અલ્લાહની હુજ્જત છું અને મારું નામ મૂસા બિન જાફર (મૂસા કાઝિમ) છે.'

પછી મેં તેમને તેમના બાપ દાદાઓની અમાનતનો ઝિકર કર્યો અને તેમણે વાદળને હુકમ કર્યો અને તે ઊંચકાઈને હવાના ખભા ઉપર સવાર થઈને ચાલી નીકળ્યું. ખુદાની સોગંદ ! ન તો મને કોઈ તકલીફ પહોંચી છે કે ન તો મને કોઈ ડર લાગ્યો છે. હું થોડી વારમાં તો મારા વતન 'તાલ્કાન' પહોંચી ગયો અને બરાબર એ સડક ઉપર મને ઉતાર્યો કે જ્યાં મારું મકાન આવેલું હતું.'

આ સાંભળીને હારૂન રશીદે જલ્લાદોને હુકમ આપ્યો કે આને એટલા માટે કતલ કરી નાખો કે ક્યાંક તે આ પ્રસંગ લોકોને જણાવી ન દે અને આલે મોહંમદ(અ.)ની અઝમત ક્યાંક પ્રગટ ન થઈ જાય. ✻ **(સંદર્ભ : મનાકિબે ઈબ્ને શહર આશૂબ, જીલ્દ-૩, સફા-૧૨૧, તબ્એ મુલ્તાન)**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

**મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો**

✻ કોઈ ખુલ્લી રીતે કોઈને માટે બૂરૂ બોલે તે અલ્લાહ પસંદ કરતો નથી સિવાય કે જેના ઉપર અન્યાય કરવામાં આવ્યો હોય; અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

**(પારો-૬, સૂરએ નિસા, આયત-૧૪૮)**

✻ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહના માટે ન્યાયસર સાક્ષી બનવાને તૈયાર રહો અને ખબરદાર! કોઈ કોમની (ગમે તેવી) સખત દુશ્મનાવટ પણ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો; ન્યાયથી જ વર્તો, તે પરહેઝગારીની વધુ નજીક છે અને અલ્લાહથી ડરતા રહો; બેશક તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ માહિતગાર છે.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૮)**

✻ આ કારણે અમોએ બની ઈસરાઈલ પર લાઝિમ કરી દીધું કે જે કોઈ કોઈ જીવને બીજા જીવના (ખૂન કરવાના) બદલા સિવાય અથવા ભૂમિમાં ફસાદ કર્યા સિવાય મારી નાખે તો જાણે તેણે સઘળા માણસોને મારી નાખ્યા; અને જેણે એક જીવને જીવતદાન દીધું તો તેણે જાણે સઘળા માણસોને જીવનદાન આપ્યું; અને ખરેખર અમારા રસૂલો તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ લઈને આવ્યા હતા, પછી તે બાદ પણ તેઓ માંહેના ઘણા ખરા ભૂમિમાં અમર્યાદિતપણે વર્તતા રહે છે.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૩૨)**

✻ અને અમોએ પ્રાણના બદલે પ્રાણ તથા આંખના બદલે આંખ તથા નાકના બદલે નાક તથા કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને એવી જ રીતે દરેક જખમનો બદલો હોય એવું તેમના પર તે (પુસ્તક તૌરેત)માં વાજિબ કરી દીધું હતું. પછી જે કોઈ માફ કરી દે તો તે તેના ગુન્હાઓનો કફ્ફારો (પ્રાયશ્ચિત) બની જશે; અને જેઓ અલ્લાહે જે કાંઈ ઉતાર્યું છે તે પ્રમાણે ન્યાય ન કરે તો તેઓ જ અન્યાયી છે. **(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૪૫)**

✻ નિ:સંશય જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ યહૂદીઓ અને સાબેઈન (સિતારાને પૂજનારા) અને ખ્રિસ્તીઓ છે, જે કોઈ અલ્લાહ તથા કયામત પર ઈમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તેમને ન તો કોઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૬૯)**

✻ હે ઈમાન લાવનારાઓ ! તમને તો તમારા પ્રાણોનું રક્ષણ કરવું લાઝિમ છે; જ્યારે તમે હિદાયત પામી ચૂક્યા છો તો જે લોકો ગુમરાહ છે તેઓ તમને કાંઈ હાનિ પહોંચાડી શકશે નહીં; તમો સર્વેનું પાછું ફરવું અલ્લાહની જ તરફ થશે, પછી જે કાંઈ તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને પરિચિત કરી દેશે.

**(પારો-૭, સૂરએ માએદાહ, આયત-૧૦૫)**

✻ શું તેમણે આ નથી જોયું કે અમોએ તેમની આગમચના જમાનાવાળાઓમાંથી કેટલીય પેઢીઓ નાશ કરી નાખી કે જેમને જમીનમાં સ્થાયિતા આપી હતી કે તેવી તમને આપી નથી, અને અમે તેમના પર આકાશમાંથી વખતો વખત જોઈતી ભરપૂર વૃષ્ટિ વરસાવતા હતા, અને તેમની હેઠળ નદીઓ વહેતી કરી દીધી હતી; પછી તેમના પાપકર્મોના કારણે અમોએ તેમનો નાશ કરી નાખ્યો અને તેમના પછી નવેસરથી બીજી પેઢીઓ ઉત્પન્ન કરી દીધી.

**(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૬)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## વેપાર અને વેપારીઓ વિષે

ઈસ્લામ ધર્મ દરેક પ્રસંગમાંથી ફાયદો મેળવતાં મેળવતાં છેવટે ખુદાની તરફ વ્યક્તિનું ધ્યાન કેન્દ્રિત કરે છે. એટલા માટે તો કહેવામાં આવ્યું છે કે જ્યારે બજારમાં જાઓ ત્યારે ખુદાની તરફ ધ્યાન આપો.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જ્યારે તું બજારમાં દાખલ થાય તો કહે, યા ખુદા! હું તારી પાસે બજારની અને બજારવાળાઓની ભલાઈ ઈચ્છું છું અને તેમની ખરાબીઓ અને બદીઓથી તારું રક્ષણ માગું છું. અય ખુદા ! હું કોઈના પર જુલ્મ કરવાથી અથવા મઝલૂમ બનવાથી તારી પનાહ માગું છું. અય ખુદા ! હું શયતાન અને તેના લશ્કરથી, ફાસિક અને ગુનેગાર લોકોના દુઃખોથી તારી પનાહ માગું છું. મારા માટે તો ખુદા કાફી છે અને તેના સિવાય બીજો કોઈ ખુદા નથી. હું તેના ઉપર વિશ્વાસ કરું છું અને તે અર્શે બુઝુર્ગનો પરવરદિગાર છે.'**

ઈસ્લામ ધર્મ હુકમ આપે છે કે મુસલમાન વેપારના સિધ્ધાંતોથી સારી રીતે પરિચિત હોય કેમકે વેપારમાં અજ્ઞાનતા (રાખવી) મકરૂહ છે. આ કારણે જ જ્યારે એક વ્યક્તિએ ઈમામ અલ બાકિર(અ.)ને ખરીદ-વેચાણની પધ્ધતિની બાબતમાં સવાલ કર્યો તો આપે ફરમાવ્યું,

**'જો તેં તારા ભાઈની સાથે નક્કી કર્યું હોય કે તું જેટલામાં ખરીદીશ એટલામાં જ તેને વેચી દઈશ, તો એવું જ કર, નહિતર ખૂબ જ સાવચેતીપૂર્વક ખરીદ-વેચાણ કર.'**

પછી ફરમાવે છે -

**'ખરીદનાર સાથે વધારે વાતો કરો કેમકે આ કાર્ય તમારા માટે વધારે સારું છે. જે માણસ ખરીદ-વેચાણની બાબતમાં ફરેબમાં સપડાઈ જાય છે, (ધર્મની દૃષ્ટિએ) તેને કાંઈ વળતર મળતું નથી. (તે માત્ર નુકસાન જ ઉઠાવે છે.)'**

પરંતુ આ(બાબત) ત્યાં સુધી જ જરૂરી છે કે જ્યાં સુધી અંદરોઅંદર કોઈ કોલ-કરાર(સોદો) નક્કી ન થયો હોય અને તેના પછી (બાકી) બચનાર અને ખરીદનારમાંથી કોઈને પણ જણસ(વસ્તુ)ની કિંમતની બાબતમાં વાત કરવી જોઈએ નહીં.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'રસૂલે અકરમ(સ.)એ સોદો નક્કી થઈ ગયા પછી કિંમત ઓછી કરવાની મનાઈ ફરમાવી છે.'**

પરંતુ મુસલમાન વેપારીએ નિરૂત્સાહ થવું જોઈએ નહીં અને ફરજ મુજબ જો તેને એક દિવસ કોઈ નફો ન થાય તો તેણે ચિંતિત થવું જોઈએ નહીં.

રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'લોકો ઉપર કોઈ વખત એવો સમય આવી જાય છે કે (તેઓ) પોતાના પાલનહારની શિકાયત કરે છે અને ઉદાહરણ સ્વરૂપે કહે છે : 'ખુદાની કસમ! મેં ફલાણા દિવસથી આજ સુધી કોઈ નફાની કમાણી કરી નથી અને (આ) બધો જ સમય પોતાની મૂડીમાંથી ખાતો રહ્યો છું.' એમને શું થઈ જાય છે ? શું (એ) મૂડી તેમને ખુદાએ આપી નથી. ?'**

ઈસ્લામ આજ્ઞા ફરમાવે છે કે જો ખરીદનાર કોઈ વસ્તુ ખરીદવા માટે સંકોચ અનુભવતો હોય તો વેચનાર સોદો ફોક કરી દે અને તે વસ્તુ તેની પાસેથી પાછી મેળવી લે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'જે મોમિન બંદો કોઈ મુસલમાન દ્વારા ખરીદેલું**

કે વેચેલું પાછું લઈ લે તો ખુદા તઆલા કયામતના દિવસે તેમના અપરાધને માફ કરી દેશે.'

'ઈસ્લામ આજ્ઞા ફરમાવે છે કે બીજાઓના સોદામાં દખલ ન કરો અને તેમને એકબીજાથી અળગા ન કરો અને રસૂલે ખુદા(સ.)એ આ અમલની મનાઈ ફરમાવી છે.'

ઈસ્લામ ધર્મ વેચાણ કરનારાઓને એવો હુકમ આપે છે કે તેઓ હંમેશાં ગ્રાહક સમક્ષ સારી જ વસ્તુઓ હાજર કરે.

ઈમામ અસ્સાદિક(અ.)એ એક ઘઉં વેચનારને ફરમાવ્યું,

'સારો માલ ખરીદ કર અને સારો માલ વેચ કેમકે જ્યારે તું સારો માલ વેચતો હોય છે તો લોકો કહે છે કે તને આ માલ જેણે વેચ્યો છે તેને ખુદા બરકત અર્પણ કરે.'

ઈસ્લામ ધર્મ સંગ્રહખોરીને અને કોઈ વસ્તુ મોંઘી હોવાને લીધે તેને પોતાની પાસે રોકી રાખવાને ખૂબ જ સખ્તાઈપૂર્વક હરામ ગણે છે. *


એસ. એસ. મોમિન મો. ૯૪૨૭૪૦૦૪૨૯
(સદીકપુરવાળા) મો. ૯૩૨૭૫૯૮૪૯૫



**કિસાન**
**હાર્ડવેર સ્ટોર્સ**

લગ્નની પેટીઓ, પાઈપના ખાટલા, ઓણ, પ્લાસ્ટીક તથા લોખંડના તગારા, બાલ્ટીઓ, પ્રાણીઓના માંચડા, સાંકળ તેમજ ખેતીવાડી ઉપયોગી તમામ સાધનો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**જી-૧૫, રીગલ શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર.**


તમારું દીની જ્ઞાન ચકાસો.

## ઈસ્લામી કવીઝ નં. ૧૧૨

**સંપાદક : મોલ્વી હસનઅલી શરાફતઅલી મોમિન (કઠોર)**

**(૧) માહે રમઝાનુલ મુબારકના રોઝા કઈ હિજરી સનથી ફર્ઝ થયા હતા ?**
(A) હિજરી સન-૧થી (B) હિજરી સન-૨થી
(C) હિજરી સન-૩ થી

**(૨) નીચેનામાંથી નમાઝનો કયો અરકાન સુન્નત છે?**
(A) દુઆએ કુનૂત (B) રૂકૂઅ (C) સિજદો

**(3) કુરઆન શરીફમાં સૌથી વધારે રસપ્રદ કિસ્સો કયો ગણાય છે ?**
(A) હઝરત મૂસા(અ.)નો
(B) હઝરત ઈસા(અ.)નો
(C) હઝરત યૂસુફ(અ.)નો

**(૪) હઝરત રસૂલે ખુદા(સ.)એ કુરઆન અને એહલેબયત વિષે જે હદીસ ફરમાવી હતી તે કયા નામથી ઓળખાય છે ?**
(A) હદીસે સકલયન (B) હદીસે કિસાઅ
(C) હદીસે કુદસી

**(૫) કરબલામાં કયા શહીદનું સર મુબારક દુશ્મનોએ ઈમામ હુસૈન(અ.)ના લશ્કર તરફ ફેંક્યું હતું ?**
(A) વહબે કલ્બીનું (B) હુર ઈબ્ને રિયાહીનું
(C) હબીબ ઈબ્ને મઝાહિરનું

**(૬) કુરઆન શરીફમાં સંબોધન થયેલ 'યાસીન' નામ કોનું છે ?**
(A) હઝરત મોહંમદ મુસ્તફા(સ.)નું
(B) હઝરત ઈબ્રાહીમ(અ.)નું
(C) હઝરત અલી(અ.)નું

**(૭) કયા પયગમ્બરે પોતાની હયાતીમાં જ બે જણને પોતાના વસી બનાવ્યા હતા ?**
(A) હઝરત ઈસા(અ.)એ
(B) હઝરત મૂસા(અ.)એ
(C) હઝરત ઈબ્રાહીમ(અ.)એ

# ઈલાહી જ્ઞાન

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી
બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

હઝરત રસૂલ(સ.)ની હદીસ : **ઈલ્મ(જ્ઞાન) પ્રાપ્ત કરો જો કે તે ચીનમાં હોય.**

બીજી હદીસ : **અના મદીનતુલ ઈલ્મ વ અલીયુન બાબોહા.** -હું ઈલ્મ(જ્ઞાન)નું શહેર છું અને અલી તેનો દરવાજો(દ્વાર) છે.

તો આપણા મનમાં એવો વિચાર આવે કે જ્યારે આપ(સ.) પોતે જ ઈલ્મના શહેર છે તો પછી આપણને ઈલ્મ પ્રાપ્ત કરવા માટે ચીન સુધી જવાનું શા માટે કહે છે ?

તો મારા ધારવા પ્રમાણે રસૂલ(સ.) એમ પણ કહેવા માગતા હોય કે જ્ઞાન પ્રાપ્ત કરવામાં એ જમાનામાં અરબસ્તાનથી ચીન સુધી જવામાં મુસાફરીની જેટલી તકલીફો સહન કરવી પડે એટલી તકલીફો સહન કરીને પણ તમે ઈલ્મ માટે અલી પાસે આવો. કુરઆનમાં પણ અલ્લાહ ફરમાવે છે કે ઘરોમાં દાખલ થાઓ તો દરવાજામાં થઈને દાખલ થાઓ, તેમાં જ નેકી છે. માટે અલી(અ.)ને ઈલ્મનો દરવાજો કહીને રસૂલ(સ.) અલી(અ.)નું મહત્વ સમજાવે છે કે મારું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અલી(અ.) દ્વારા આવો તેમાં જ નેકી છે.

વળી એમ પણ કહેવા માગતા હોય કે અમે ઈલ્મ(જ્ઞાન)ના શહેર છીએ. જો તમારે અમારી સાથે સંબંધ રાખવો હોય તો તમે પણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચીન સુધી જવું પડે તો પણ જાઓ કેમકે જ્ઞાન સાથે જહાલત ટકી નહીં શકે. જ્ઞાનને સમજવા માટે જ્ઞાનની જ જરૂર પડશે. આવી રીતે અજ્ઞાનતામાં રહીને એહલેબયતને સમજી શકાય નહીં. એહલેબયતને સમજવા માટે જ્ઞાનની જરૂર છે. માટે કહ્યું કે ગમે તેટલી તકલીફો સહન કરીને જ્ઞાન પ્રાપ્ત કરો.

જ્ઞાનના બે પ્રકાર થયા. એક દુનિયામાં પ્રાપ્ત કરવામાં આવે છે તે જ્ઞાન અને બીજું જે જ્ઞાન મોહંમદ વ આલે મોહંમદને આપવામાં આવ્યું છે તે કે જે તેમને અલ્લાહ તરફથી મળ્યું છે.

(૧) દુન્યવી જ્ઞાન

(૨) ઈલાહી જ્ઞાન

દુન્યવી જ્ઞાન એ રીતે પ્રાપ્ત થાય છે કે શિક્ષક આપણને કહે છે કે તમે મને પૂછો. એક વખતમાં સમજણ ન પડે તો બે વખત પૂછો. તમે પૂછશો તો જ તમને આવડશે, જ્ઞાન પ્રાપ્ત થશે. અભ્યાસ કરવાથી દુનિયાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ જેમ અભ્યાસ કરતા જઈએ છીએ તેમ તેમ વધારેને

---

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿۲۰۱﴾

**રબ્બના આતિના ફિદદુન્યા હસનતંવ વફિલ આખેરતે હસનતંવ વકિના અઝાબન્નાર.**

(પારો-૨, સૂરએ બકરહ, આયત-૨૦૧)

અર્થ : અય અમારા પરવરદિગાર! આલોકમાં અમારું ભલું કર તથા પરલોકમાં પણ અમારું ભલું કર અને અમને (દોઝખની) આગના અઝાબથી બચાવજે. (ક્રમશઃ)

વધારે જાણવા મળે છે. તે મહેનત કરવાથી પ્રાપ્ત થાય છે.

પારા-૧૬, સૂરા-૧૮, આયત-૧૦૯

**'હે રસૂલ(સ.) ! કહી દો કે જો મારા પરવરદિગારની વાતોને લખવા માટે દરિયાનું પાણી શાહી બની જાય તો એ પહેલાં કે મારા પરવરદિગારની વાતો પૂરી થાય, દરિયો જ ખતમ થઈ જશે જોકે એવો બીજો દરિયો તેની મદદ માટે લાવવામાં આવે (તો પણ).'**

આ આયત પ્રમાણે દુનિયામાં એટલું જ્ઞાન સમાયેલું છે કે ગમે તેવો તેજસ્વી માણસ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મહેનત કરે તો પણ તે થોડું જ જ્ઞાન મેળવી શકશે. તેની ઉંમર નાની પડશે.

દુન્યવી જ્ઞાન પાપ્ત કરવા માટે સમયનો વ્યય પણ ઘણો થાય છે જેમકે એસ.એસ.સી. સુધી ૧૭ વર્ષ અને ગ્રેજ્યુએટ થવામાં ૨૧ વર્ષ અને જેમ જેમ આગળ અભ્યાસ કરીશું તેમ તેમ વધારે સમયની જરૂર પડશે.

હવે ઈલાહી જ્ઞાન વિષે વિચારીએ.

પારા-૧૫, સૂરા-૧૮, આયત-૬૦ થી ૭૦માંથી થોડીક આયતોને જોઈએ.

**હઝરત મૂસા અને હઝરત યુશોએ અમારા બંદાઓમાંથી એક ખાસ બંદા ખિઝરને મળ્યા કે જેને અમારી બારગાહથી અમોએ રહેમત (વિલાયત)નો અમુક ભાગ આપ્યો હતો અને અમે તેને 'ઈલ્મે લદુન્ની' (પોતાના ખાસ ઈલ્મ)માંથી થોડું શીખવાડ્યું હતું. મૂસાએ તેને વિનંતી કરી કે શું હું તારી સાથે રહું એવી શરતે કે જે સન્માર્ગનું જ્ઞાન તને શીખવવામાં આવ્યું છે તેમાંથી તું મને પણ થોડું શીખવે? ખિઝરે કહ્યું (હું શીખવીશ ખરો પણ) તું મારી સાથે હરગીઝ ધીરજ ધરી શકશે નહીં અને જે વાતની તને માહિતી નહીં હોય તેના પર તું કેવી રીતે ધીરજ ધરશે ? મૂસાએ કહ્યું કે અગર અલ્લાહે ચાહ્યું તો તું મને ધીરજવંત જોશે અને હું તારા કોઈ પણ મામલામાં નાફરમાની નહીં કરું. ફરમાવ્યું, બસ ત્યારે (ચાલ) અગર તું મારી સાથે રહેવા ઈચ્છતો હોય તો તું મને કોઈ વાતનો ખુલાસો પૂછતો નહીં જ્યાં સુધી હું જાતે તેની હકીકત તને જણાવું નહીં.**

આ આયતથી જાણવા મળે છે કે ઈલાહી જ્ઞાન મૂસા નબી જેવાને પણ ત્યાં સુધી આપવામાં આવતું નથી જ્યાં સુધી કે ચકાસી ન લેવામાં આવે. જ્ઞાન આપવાવાળો પોતાને યોગ્ય લાગે ત્યારે જ જ્ઞાન આપે છે. જ્ઞાન લેનારો પોતે ઈચ્છે ત્યારે જ્ઞાન લઈ શકતો નથી. આ જ્ઞાન અભ્યાસ કરવાથી પ્રાપ્ત થતું નથી.

પારા-૧૯, સૂરા-૨૭, આયત-૩૮,૩૯,૪૦

**સુલેમાન(અ.) પોતાના દરબારીઓથી ફરમાવે છે કે તમારામાંથી કોણ છે એવો કે જે હઝરત બિલકીસનું તખત મારી પાસે લઈ આવે? તો જિન્નાતોમાંથી એક દેવે કહ્યું કે આપ પોતાના દરબારમાં પોતાની જગ્યાએથી ઊઠો તે દરમ્યાન હું તખત લાવી આપીશ. પરંતુ આસિફ બિન બરખિયાએ કે જેમની પાસે (ખુદાની) કિતાબનું થોડું જ્ઞાન હતું, કહ્યું કે આપની આંખના પલકારામાં હું આપની પાસે તખત લાવી આપીશ.** એટલે કે આસિફ બિન બરખિયા પાસે કિતાબનું થોડું જ્ઞાન હોવાથી તેમનામાં જિન્નાત કરતાં પણ વધારે શક્તિ આવી ગઈ.

આપણી પાસે કુરઆન શરીફ હોય. એને આપણે મોઢે કરી લઈએ, તેની આયતોના અર્થ સાથે મોઢે કરી લઈએ તો પણ આપણામાં આવી શક્તિ આવતી નથી. તો એનો અર્થ એવો થયો કે આપણે કુરઆનના હાફિઝ હોઈએ, તેની તફસીરના જાણકાર હોઈએ તેમ છતાં તેનું જ્ઞાન(ઈલ્મ) આપણી પાસે નથી. આ જ્ઞાન તો જેને અલ્લાહ આપે તે જ મેળવી શકે, અભ્યાસથી આ જ્ઞાન મેળવી

શકાતું નથી.

પારા-૧૬, સૂરા-૧૯, આયત-૩૦ થી ૩૨માં ઈસા(અ.) વિષે વર્ણન છે કે તેઓ પારણામાં હતા અને લોકો હઝરત મરીયમ(અ.)થી સવાલો કરવા લાગ્યા. હઝરત મરીયમ મૌનવ્રત પાળતાં હતાં. તો ઈસા(અ.) પારણાની અવસ્થામાં બોલવા લાગ્યા કે **નિઃસંશય હું અલ્લાહનો એક બંદો છું, તેણે મને આ (ઈન્જીલ) કિતાબ અર્પણ કરી છે અને મને એક નબી બનાવ્યો છે. અને જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી મને નમાઝ (અદા કરવા)નો તથા ઝકાત (આપતા રહેવા)નો હુકમ કર્યો છે અને મને મારી માની સેવા કરનાર બનાવ્યો છે. અને મને શિરજોર અને હત્ભાગી બનાવ્યો નથી.**

ઈસા(અ.)ને અલ્લાહે ઈન્જીલ આપી એટલે કે ઈન્જીલના જ્ઞાન સાથે આવ્યા તો તેમને બાળપણની અવસ્થામાં પણ અલ્લાહ તરફથી કઈ કઈ જવાબદારીઓ આપવામાં આવી છે તેનું જ્ઞાન હતું. પોતે નબી છે તે બાબત પણ જાણતા હતા.

પારા-૫, સૂરા-૪, આયત-૫૪

**'અમે ઈબ્રાહીમની ઔલાદને કિતાબ અને ડહાપણ અર્પણ કર્યું છે અને તેમને ઘણી મોટી સલ્તનત પણ આપી.'**

પારા-૧, સૂરા-૨, આયત-૧૨૪

**'જ્યારે ઈબ્રાહીમની તેમના પરવરદિગારે કેટલીક વાતોમાં કસોટી કરી અને ઈબ્રાહીમ તેમાં પૂરા ઉતર્યા, (તો અલ્લાહે) ફરમાવ્યું કે નિઃસંશય હું તમને મનુષ્ય માત્રનો ઈમામ બનાવનાર છું. ઈબ્રાહીમે અરજ કરી, અને મારી ઔલાદમાંથી પણ ? અલ્લાહે ફરમાવ્યું કે હા, પરંતુ જે જાલિમ હશે તે મારો આ હોદ્દો પ્રાપ્ત નહીં કરી શકે.'**

ઉપરની આયતો જોતાં ઈબ્રાહીમ(અ.)ની ઔલાદને કિતાબ અને ડહાપણ અર્પણ કર્યું છે. તો ઈબ્રાહીમ(અ.)ની ઔલાદમાં જે ઈમામો છે તેમને તો અલ્લાહે કિતાબ અને ડહાપણ આપ્યું જ હોવું જોઈએ. ઈબ્રાહીમ(અ.)ની ઔલાદમાં મોહંમદ(સ.) અને બાર ઈમામો થયા તો તેમને કિતાબ અને ડહાપણ અલ્લાહે આપ્યું જ હશે.

પારા-૧૩, સૂરા-૧૩, આયત-૪૩માં અલ્લાહ ફરમાવે છે કે -

**કાફિર લોકો ભલે તમને પયગમ્બર તરીકે સ્વીકારતા ન હોય પરંતુ તમારી રિસાલતની ગવાહી માટે અલ્લાહ અને બીજો તે છે કે જેની પાસે આસમાની કિતાબનું ઈલ્મ(જ્ઞાન) છે, તે પૂરતો છે.** (એ વ્યક્તિથી મુરાદ હઝરત અલી(અ.) છે જુઓ સિયૂતી જીલ્દ-૪, પાનુ-૬૯, લીટી-૨૦ થી ૨૩ મિસરમાં છપાયેલી.)

આ આયતોથી સાબિત થાય છે કે મોહંમદ(સ.) અને ઈમામોને અલ્લાહ તરફથી કિતાબનું ઈલ્મ અને ડહાપણ મળ્યું છે અને પયગમ્બરની સાક્ષી આપવા માટે હઝરત અલી(અ.) કે જેમની પાસે આસમાની કિતાબનું ઈલ્મ (જ્ઞાન) છે, તે પૂરતા છે.

રસૂલ(સ.)ની હદીસ છે કે **અના મદીનતુલ ઈલ્મ વ અલીયુન બાબોહા.** હું ઈલ્મ(જ્ઞાન)નું શહેર છું અને અલી(અ.) તેનો દરવાજો (દ્વાર) છે.

બીજી જગ્યાએ ફરમાવ્યું છે કે મને અલ્લાહ તરફથી જે ઈલ્મ મળ્યું, તે મેં હઝરત અલી(અ.)ને આપ્યું. તેનો અર્થ એ થયો કે -

હઝરત ખિઝર કે જેમને અલ્લાહે ઈલ્મે લદુન્નીમાંથી થોડોક ભાગ આપ્યો હતો તેઓ જે તરફ નજર કરતા, તેની હકીકત સુધી પહોંચી જતા હતા (જાણી લેતા હતા). હોડી, બાળક અને દીવાલ પર નજર કરતાં જ તેની હકીકત સુધી પહોંચી ગયા. જ્યારે મૂસા(અ.) તેને સમજી શક્યા નહીં. તો ઈલ્મે લદુન્નીનો થોડો ભાગ પ્રાપ્ત કર્યા પછી હઝરત ખિઝરમાં આવી શક્તિ આવી ગઈ તો પછી

મોહંમદ વ આલે મોહંમદમાં દરેક પ્રકારનું સંપૂર્ણ ઈલ્મ હતું તો તેમનામાં હઝરત ખિઝર કરતાં વધારે શક્તિ છે અને તેઓ દરેક વસ્તુને, ફક્ત નજર કરીને તેના ભૂતકાળ અને ભવિષ્યકાળને, જાણી શકે છે.

હઝરત આસિફ બિન બરખિયા કે જેમની પાસે કિતાબનું થોડું જ્ઞાન હતું તેઓ જો આંખના પલકારામાં હઝરત સુલેમાન(અ.) માટે હઝરત બિલકીસનું તખત લાવી શકે તો રસૂલ(સ.) અને ઈમામો કે જેમની પાસે આસમાની કિતાબનું સંપૂર્ણ જ્ઞાન હતું તો તેઓ પણ આંખના પલકારામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકે અથવા જે ઈચ્છે તેને લાવી શકે છે.

દુન્યવી જ્ઞાન પ્રાપ્ત કરનાર માણસ અભ્યાસ કરીને જુદા જુદા હોદ્દાઓ પ્રાપ્ત કરી શકે છે જેમકે ડૉક્ટર, ઈન્જિનિયર, વકીલ બની શકે છે, જેમના આગળ સાહેબ લગાવીને માન આપવામાં આવે છે. પરંતુ ડૉક્ટર, ઈન્જિનિયર, વકીલ જે હોય તેના હોદ્દા પરથી આપણે કહી શકતા નથી કે તેઓ ચારિત્ર્યવાન છે કે ભ્રષ્ટાચારી. તે લોકો પોત પોતાના ક્ષેત્રમાં હોંશિયાર હોઈ શકે પણ તે સારા જ છે તેમ કહી શકાય નહીં.

જ્યારે અલ્લાહ જેને પણ પસંદ કરશે તેની યોગ્યતા જોઈને જ પસંદ કરશે. અલ્લાહ ગમે તેવાને પોતાનું જ્ઞાન આપશે નહીં. પરંતુ એવાને જ્ઞાન આપશે કે જેઓ સલામને લાયક હશે અથવા દુરૂદને લાયક હશે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે (હે લોકો !) હું તમારામાં બે મહાન વસ્તુઓ મૂકતો જાઉં છું એક અલ્લાહની કિતાબ અને બીજી મારી અહેલેબયત. આ બન્ને હૌઝે કૌસર પર મારા સમક્ષ આવ્યા સિવાય અલગ થશે નહીં. હું તમને પૂછીશ કે આ બન્નેના હક તમે કેવી રીતે અદા કર્યા ? (**મુસ્લિમ** જીલ્દ-૨, પાના નં. ૨૮૦, **મિશ્કાત** જીલ્દ-૪, પાના નં. ૫૬૮)

પારા-૨૫, સૂરા-૪૨, આયત-૫૨

***'અને એવી જ રીતે અમોએ મારી હુકમની રૂહ તમારી તરફ વહી દ્વારા મોકલી, તમે તો ન તો કિતાબને જાણતા હતા કે શું છે અને ન ઈમાનને પરંતુ તેને (કુરઆનને) એક નૂર બનાવ્યું છે કે તેનાથી અમે પોતાના બંદાઓમાંથી જેને ચાહીએ, હિદાયત કરી દઈએ છીએ અને નિઃસંશય તમે હે રસૂલ ! સન્માર્ગ તરફ જ હિદાયત કરો છો.'***

આ આયતથી જાણવા મળ્યું કે કુરઆનમાં પણ અલ્લાહનું જ્ઞાન છે અને મોહંમદ વ આલે મોહંમદમાં પણ અલ્લાહનું જ્ઞાન છે. કુરઆન પણ નૂર છે, મોહંમદ વ આલે મોહંમદ પણ અલ્લાહનાં નૂર છે. માટે કુરઆન અને એહલેબયતને રસૂલે ખુદા(સ.) ઉમ્મત માટે મૂકી ગયા છે. બન્ને હૌઝે કૌસર પર રસૂલ સમક્ષ હાજર થયા વગર છૂટા પડવાના નથી. કુરઆનથી પણ હિદાયત કરવામાં આવે છે. એહલેબયતથી પણ હિદાયત કરવામાં આવે છે. બન્નેનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકાતું નથી કારણ કે બન્ને રૂહ છે અને રૂહનું થોડુંક જ જ્ઞાન આપવામાં આવ્યું છે.

માટે જ તો કરબલાના મેદાનમાં ઈમામ હુસૈન(અ.)નું માથું ધડથી જુદું કરવામાં આવ્યું અને નેઝા પર બુલંદ કરવામાં આવ્યું ત્યારે પણ સર મુબારક કુરઆનની તિલાવત કરતું હતું. હુસૈન(અ.)એ બતાવ્યું કે હે યઝીદીઓ ! તમારા માટે મારું માથું મારા ધડથી જુદું કરવું શક્ય છે પરંતુ મને કુરઆનથી જુદો કરવો શક્ય નથી કેમકે રસૂલ(સ.) મને કુરઆનની સાથે મૂકી ગયા છે અમે હૌઝે કૌસર સુધી છૂટા પડવાના નથી.

અલ્લાહનું જ્ઞાન એવું છે કે જેને પ્રાપ્ત કરવા માટે આપણી ઉંમર પણ ઓછી પડે. પરંતુ જો અલ્લાહ આપે તો એક ક્ષણમાં જ્ઞાન પ્રાપ્ત કરી શકાય.

જેવી રીતે ઈસા(અ.)ને અલ્લાહે ઈન્જીલ

કિતાબ સાથે જ મોકલ્યા હતા. દુનિયામાં આવીને તેનો અભ્યાસ કરીને તેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હતું. તેવી જ રીતે હઝરત અલી(અ.) કુરઆન અને આસમાની કિતાબ સાથે જ ખાનએ કા'બામાં જન્મ્યા હતા. તેમણે દુનિયામાં અભ્યાસ કરીને તેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હતું. તેથી જ તો જ્યારે રસૂલ(સ.)એ હઝરત અલી(અ.)ને ખાનએ કા'બામાં પોતાની ગોદમાં લીધા તો આપે રસૂલ(સ.)થી અરજ કરી, યા રસૂલિલ્લાહ ! શું હું કુરઆન સંભળાવું ? ઈન્જીલ સંભળાવું ? તૌરેત સંભળાવું ? એમ કહીને બતાવી દીધું કે તેમની પાસે આસમાની કિતાબનું જ્ઞાન છે.

**નેહજુલ બલાગાહ** ખુત્બા-૧૪, પાના નં. ૯૩૩, હઝરત કોમેલની સાથે વાતો :-

'હઝરત અલી(અ.)નું ઈલ્મ (જ્ઞાન) કોણ મેળવે છે તે યાદ રાખ. અહીં (પોતાની છાતી મુબારક તરફ ઈશારો કરીને ફરમાવ્યું) અનંત ઈલ્મ છે, કાશ ! તેને ઉપાડનારાઓ મળી જાત (તો સારું થાત) હા, કંઈક મેળવવાના શોખીનો છે ખરા પરંતુ તેમના માટે સંતોષ નથી કેમકે એ લોકો દીનને દુનિયા (પ્રાપ્ત કરવા માટે)નું સાધન બનાવવાવાળા છે તેઓ ખુદાની નેઅમતોનો શુક્ર અદા કરવાને બદલે બંદાઓને પરિચિત (ખબરદાર) કરનારા છે અને તેની હુજ્જતોથી (ઈલ્મો અમલથી) અવલિયા અલ્લાહ પર શ્રેષ્ઠતા ઈચ્છનારા છે, અથવા તો પછી એવા છે કે જે હકના ઉપાસક (ભક્ત) તો છે પરંતુ તેમના મગજના ખૂણાઓમાં દિલની દૃષ્ટિ નથી. પહેલી શંકા કે જે તેમના દિલમાં પેદા થાય છે તે શંકાની ચિનગારીઓને ચમકાવી દે છે. પરંતુ બન્નેમાં કોઈ આ(જ્ઞાન)ના માટે પાત્ર નથી. તે ઉપરાંત એવા લોકો છે કે જે લિજ્જતોના બેહદ શોખીન, ઈચ્છાઓને ખૂબ જ જલ્દીથી આધીન થઈ જનારા અથવા તો ભેગું કરવાના અને સંગ્રહખોરી કરવાના આશિક છે. આ બન્ને (અર્થાત વ્યભિચારી અને ધનસંચય કરનારા) પણ ધર્મના રક્ષક અને કોઈ પણ કામના નથી તેમની સાથે મળતાં આવે તેવાં તો ચરનારાં જાનવરો છે. અને બસ આ કારણે જ (કે આલિમને સાચો વારસદાર ન મળવાથી) ઉલ્માઓ (વિદ્વાનો)ની સાથે સાથે ઈલ્મ(જ્ઞાન) પણ મૃત્યુ પામે છે. પરંતુ (દુનિયા) હુજ્જતે ખુદાથી ખાલી રહેતી નથી અથવા તો તે પ્રગટ અને જ્ઞાત(સ્પષ્ટ) અથવા તો દુશ્મનોના ડરથી ગયબના પડદામાં હશે અને આવું એટલા માટે છે કે ક્યાંક ખુદાની હુજ્જતથી અને ખુદાની રોશન દલીલોથી જમીન ખાલી ન થઈ જાય. આ લોકો કેટલા છે અને ક્યાં છે ? આ લોકો અલ્લાહની કસમ, સંખ્યામાં ઓછા અને ખુદાના ત્યાં ઈજ્જતમાં વધારે છે, જેમના દ્વારા ખુદા પોતાની હુજ્જતો અને આયતોનું રક્ષણ કરે છે. જ્યાં સુધી તે પોતાના જેવાને એ અમાનતો સુપરત નથી કરી દેતા (જ્યાં સુધી એમનો હોદ્દો પૂર્ણ થતો નથી) ત્યાં સુધી તેઓ આ હકીકતોને પોતાના જેવા હોદ્દાવાળાના દિલમાં વાવી નથી દેતા. તેમના પર દિલની દૃષ્ટિ અને ઈલ્મે હકીકી (વાસ્તવિક જ્ઞાન) એક સાથે નાઝિલ થાય છે. એ લોકોને યકીનની શાંતિ મળી જાય છે અને દરિદ્રતાપસંદ માણસોની કઠણાઈઓને નરમ કરી લે છે, જેનાથી જાહિલો(અજ્ઞાની)ને ડર હોય છે તેઓ તેનાથી ટેવાયેલા હોય છે. દુનિયામાં એવા શરીરો સાથે રહેતા હોય છે કે જેમની રૂહો ઉચ્ચ મંઝિલે ખુદાની હુજૂરમાં રહે છે. આ જમીન પર ખુદાના નાયબો (પ્રતિનિધિઓ) છે અને તેના દીન તરફ બોલાવવાવાળા છે. હાય ! એવા લોકોને જોવાનો મને શોખ છે.'

આ ખુત્બાથી જાણવા મળે છે કે હઝરત અલી(અ.) પોતાનું જ્ઞાન દરેક ઈચ્છા ધરાવનારને આપતા નથી. તેમની યોગ્યતા જુએ છે માટે દુનિયામાં જેટલા આલિમો દેખાય, એમ સમજી ન લેવું જોઈએ કે તેમની પાસે હઝરત અલી(અ.)નું જ્ઞાન છે. જેમનાથી હઝરત અલી(અ.)ને સંતોષ

હોય છે તેમને જ પોતાનું જ્ઞાન આપે છે.

મજાદરની **'મશાયખવાણી'**માં પણ છે અને આપણી જમાઅતના મોમિનો પણ માને છે કે પીર મશાયખ(રહે.) બાવાએ ૨૧ વર્ષ સુધી ન તો મદ્રેસાની તાલીમ લીધી હતી કે ન તો નિશાળની તાલીમ લીધી હતી. પરંતુ જ્યારે તેમણે જોયું કે તેમની પાસે મુરીદો આવે છે અને તેમને હિદાયતની જરૂર છે માટે આપે અલ્લાહથી દુઆ માગી કે મને ઈલ્મ(જ્ઞાન) આપ કે જેથી હું હિદાયત કરી શકું. ત્યારે રસૂલે ખુદા(સ.)એ પીર મશાયખ(રહે.) બાવાને સ્વપ્નામાં આવીને અથવા માથે હાથ મૂકીને અથવા ઝબાન (જીભ) ચૂસાડીને જ્ઞાન આપ્યું. ટૂંકમાં રસૂલ(સ.)એ પીર મશાયખ(રહે.) બાવાને જ્ઞાન આપ્યું.

હઝરત રસૂલે ખુદા(સ.)ની હદીસ છે કે **અના વ અલી મિન નૂરે વાહેદીન** હું અને અલી એક જ નૂરથી છીએ. તો આ નૂરનો એક ભાગ એવા હઝરત અલી(અ.) પોતાનું જ્ઞાન દરેક ઈચ્છા ધરાવનારને આપતા નથી. તો રસૂલ(સ.)એ પીર મશાયખ બાવાને એવી બશારત નહોતી આપી કે તું મદીના આવજે હું તને ઈલ્મ(જ્ઞાન) આપીશ. પરંતુ આપે જ રાત્રે પધારીને (તશરીફ લાવીને) હઝરત પીર મશાયખ બાવાને ઈલ્મ(જ્ઞાન) આપ્યું. તો આપણને હવે પીર મશાયખ(રહે.) બાવાની સાચી માહિતી મળશે કે તે કેવા હતા.

- પીર મશાયખ(રહે.) બાવા દીનને દુનિયાનું સાધન બનાવે એવા નહોતા.
- પીર મશાયખ(રહે.) બાવા ખુદાની નેઅમતોનો શુક્ર અદા કરવાવાળા હતા.
- પીર મશાયખ(રહે.) બાવા હકના ઉપાસક હતા અને એમના મગજના ખૂણામાં દિલની દૃષ્ટિ(બસીરત) પણ હતી.
- પીર મશાયખ(રહે.) બાવા લિજ્જતોના બેહદ શોખીન ન હતા, ઈચ્છાઓને ખૂબ જ જલ્દીથી આધીન થઈ જનાર નહોતા, સંગ્રહખોર નહોતા. ટૂંકમાં રસૂલ(સ.)ના ઈલ્મ(જ્ઞાન)ને પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવનાર હતા.

પીર મશાયખ(રહે.) બાવાને ઈલ્મ આપનાર પણ હઝરત રસૂલે ખુદા(સ.) અને હઝરત અલી(અ.)ને પણ ઈલ્મ આપનાર હઝરત રસૂલે ખુદા(સ.) છે. માટે પીર મશાયખ(રહે.) બાવાના ઈલ્મમાં અને હઝરત અલી(અ.)ના ઈલ્મમાં ફેર નથી. પરંતુ ઈલ્મના પ્રમાણમાં ફેર છે. હઝરત અલી મૌલાએ કાએનાત છે માટે તેમના પ્રમાણમાં તેમને ઈલ્મ આપ્યું.

પીર મશાયખ(રહે.) બાવા મોમિન કોમના મૌલા છે. તેથી તેમને એમના પ્રમાણમાં ઈલ્મ આપ્યું. માટે જો પીર મશાયખ(રહે.) બાવાથી કરામત જાહેર થાય તો નવાઈ નહીં કેમકે તેમને રસૂલે ખુદા(સ.) મારફત જ્ઞાન પ્રાપ્ત થયું છે.

પીર મશાયખ(રહે.) બાવા પીર વિષે **'હિદાયતનામા'**ના બયાન નં. ૮૨માં ફરમાવે છે :

**હાજરપીર અમારી ઠાંમ રે કે'જો,**
**અમો જેવા તેમને જાણી રે લેજો.**

સાબિત થયું કે પીર મશાયખ(રહે.) બાવાને યકીન છે કે દરેક જમાનાના હાજરપીર હિદાયત જ કરશે અને તે યોગ્ય હશે. તેમને ટોકવાની જરૂર નથી.

મુરીદો વિષે **'હિદાયતનામા'**ના બયાન નં. ૮૦માં આપ ફરમાવે છે કે :

**સુનો ભાઈ પીરકે ઝંડે નીચે તો ઠામ પાઈએ,**
**જો તરીકા પીરકા કમાઈએ જી.**

પીરને તો કયામતમાં ઝંડો મળશે જ, પરંતુ મુરીદો માટે શરત એ છે કે જો તેઓ પીરનો તરીકો અપનાવશે તો જ પીરના ઝંડા તળે તેમને રહેવા મળશે.

**દુઆ કરું છું કે દરેક મુરીદને કયામતના દિવસે પીરના ઝંડા નીચે જગ્યા મળી જાય. ***

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૩**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

હઝરત ઈમામ હુસૈન(અ.)ની નાફેઅ બિન અઝરક નામના માણસ સાથે વાતચીત.

**એક દિન નાફેઅ બિન અઝરકને ઈબ્ને અબ્બાસસે કહા, આપ જીસ ખુદાકી ઈબાદત કરતે હૈ ઉસકી તૌસીફ કીજીયે.** નાફેઅ બિન અઝરક એક દિવસ ઈબ્ને અબ્બાસ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે તમે જે અલ્લાહની ઈબાદત કરો છો તેનું વર્ણન કરો.

**ઈબ્ને અબ્બાસ સોચમેં પડ ગયે ઔર કોઈ જવાબ ન દીયા.** ઈબ્ને અબ્બાસ વિચારમાં પડી ગયા અને જવાબ આપ્યો નહીં કારણ કે નાફેઅ બિન અઝરક ખારજી હતો. મૌલા અલીની ખિલાફતને માનનારો ન હતો અને ઈબ્ને અબ્બાસને ખબર હતી કે આ શરારત કરવા માટે પૂછી રહ્યો છે એટલે જવાબ ન આપ્યો એટલે **નાફેઅ હઝરત ઈમામ હુસૈન(અ.)કી તરફ મુતવજ્જે હુઆ ઔર આપ સે જવાબ ચાહા** એટલે નાફેઅ બિન અઝરકે હઝરત ઈમામ હુસૈન(અ.)ને ઉદ્દેશીને ફરીથી આ જ સવાલ કર્યો.

**હઝરત સૈયદુશ્શોહદા(અ.)ને ફરમાયા,** જવાબમાં હઝરત ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું, **અય નાફેઅ ! જીસને અપને દીનકી બુનિયાદ કિયાસ પર રખ્ખી, વો હમેશાં ધોખા ખાયેગા.** જે માણસે પોતાના મઝહબનો પાયો કિયાસ ઉપર મૂક્યો, કિયાસ એટલે, આપણે વ્યાખ્યા કરીએ તો, અપૂરતી માહિતીને એકઠી કરીને એક સંપૂર્ણ તારણ સુધી પહોંચી જવું તે. આ (બાબત) શીઆહ મઝહબમાં હરામ છે. આપણી પાસે પૂરતી માહિતી હોય તો જ શરીઅતના ફતવા આપણે કાઢી શકીએ છીએ. પરંતુ આપણી પાસે માહિતી પૂરતી ન હોય, કુરઆનમાં શું છે ? હદીસમાં શું છે ? ઈમામે શું ફરમાવ્યું ? પૂરતી માહિતી નથી અને આપણે કોઈ બીજા સંદર્ભમાં કોઈ હદીસ હોય તેને નવા સંદર્ભમાં તેનો ઉપયોગ કરીએ તો તેને કહેવાય છે કિયાસ અને તે શીઆહ મઝહબમાં હરામ છે.

હઝરત ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું કે જે માણસે પોતાના મઝહબનો પાયો આ કિયાસ ઉપર મૂક્યો, તે હંમેશાં ધોખો ખાશે. **ઔર રાહે રાસ્તસે હટકર બેરાહરવી ઈખ્તિયાર કર લેગા.** અને કોઈ ન કોઈ સમયે ગુમરાહ થઈ જશે. **વો સહીહ રાસ્તે સે ભટકા હુઆ હૈ ઔર ઝબાન પર નાશાઈસ્તા કલ્માત લાતા રહેગા.** એવો માણસ ગુમરાહ થઈ જ ચૂક્યો છે અને સમયે સમયે પોતાની જીભ ઉપર ખોટા ખોટા શબ્દો લઈ આવશે.

**અય ઈબ્ને અઝરક ! મૈં ખુદાકો ઉસી સિફતસે યાદ કરતા હું જો ઉસને અપને લીયે(ખુદ બયાન) કી હૈ.** પછી વિષય ઉપર આવતાં હઝરત ઈમામ હુસૈન(અ.) ફરમાવે છે કે હું અલ્લાહને ફક્ત તે

**કિયાસ એટલે** અપૂરતી માહિતીને એકઠી કરીને એક સંપૂર્ણ તારણ સુધી પહોંચી જવું તે. આ (બાબત) શીઆહ મઝહબમાં હરામ છે. આપણી પાસે પૂરતી માહિતી હોય તો જ શરીઅતના ફતવા આપણે કાઢી શકીએ છીએ.

જ સિફ્તોથી યાદ કરું છું કે જેમને કુરઆન શરીફમાં અલ્લાહે પોતે વર્ણવી છે કારણ કે કિયાસ તો આપણાથી કરી જ ના શકાય. અલ્લાહના બંદાઓને અલ્લાહની સિફ્તો વિશે પણ કિયાસ કરવાનો અધિકાર નથી માટે અલ્લાહે જેવી રીતે અલ્લાહની સિફ્તો પોતે વર્ણવી છે કુરઆનમાં, બસ એ જ સિફ્તોથી અલ્લાહને યાદ કરતા રહેવાનું. **ઔર મૈં ઉસકો ઉસી તરહ પહેચનવાતા હું જૈસે ઉસને અપનેકો પહેચનવાયા હૈ.** અને લોકોને જ્યારે અલ્લાહની જાતને ઓળખાવવાની વાત આવે છે ત્યારે પણ હું કુરઆન શરીફની આયતનો સહારો લઉં છું.

**વો મહસૂસાત કે ઝરીયે નહીં સમઝા જા સકતા.**

અનુભવથી અલ્લાહ જાણી શકાતો નથી કે અલ્લાહ કેવો છે. **ન હી લોગો પર ઉસકા કિયાસ કીયા જા સકતા હૈ.** લોકો કેવા છે તેના આધારે અલ્લાહ કેવો હશે તે પણ આપણે જાણી શકતા નથી.

**વો નઝદીક હૈ લેકીન અશ્યા સે મિલા હુઆ નહીં હૈ.** અલ્લાહ ઘણો જ નિકટ છે આપણાથી, પરંતુ આપણા પોતાનાથી કે આપણી વસ્તુઓથી ભળેલો નથી. નિકટ છે છતાં ભળેલો નથી. **વો દૂર હૈ મગર કીસી સે ફાસિલા નહીં રખતા.** અલ્લાહ બધાથી દૂર છે. **યા કરીબ, યા બઈર,** અસ્માએ હુસ્નામાં છે ને ? અલ્લાહનું એક નામ **કરીબ** છે નજીકનું તેમ છતાં કોઈમાં ભળી નથી જતો અને **બઈર**(દૂરવાળો) દૂર છે છતાંય તેની અને તેના સર્જનની વચ્ચે કોઈ જ અંતર નથી તેવો દૂર છે.

**વો એક હૈ ઉસકા જુઝ નહીં.** અલ્લાહ એક સંપૂર્ણ છે તેનો કોઈ ભાગ નથી. **નશાનીઓં કે ઝરીયે પહેચાના જાતા હૈ.** અલ્લાહને તેની નિશાનીઓ, આયતો વડે જ ઓળખવામાં આવે છે. **ઔર અલામતોં કે ઝરીયે તારીફ કી જાતી હૈ.** અને તેની નિશાનીઓ વડે તેની પ્રશંસા કરવામાં આવે છે. **ઉસકે અલાવા કોઈ ખુદા નહીં.** અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા છે જ નહીં. **જો સબસે બડા ઔર સબસે બુલંદ હૈ.** અલ્લાહ સૌથી મોટો અને સૌથી ઊંચો છે.

અહીં હઝરત ઈમામ હુસૈન(અ.)એ અલ્લાહની સિફ્તો બયાન કરી. **વો સુન કર ઈબ્ને અઝરક રોને લગે ઔર કહા, અય હુસૈન ! આપ કી બાત કીસ કદર દિલકો છૂતી હૈ.** આટલું સાંભળીને ઈબ્ને અઝરક રડવા લાગ્યો અને કહ્યું, અય હુસૈન(અ.) ! આપની વાતો ખૂબ જ સુંદર છે અને દિલને સ્પર્શી જાય છે. **હઝરતને ઉસસે પૂછા મૈંને સુના હૈ કે તુમ મેરે વાલિદ, મેરે ભાઈ ઔર મુઝકો કાફિર સમજતે હો ?** એ ખારજી લોકો મૌલા અલી અને મૌલા અલીના જાનશીનોને કાફિર કહેતા હતા. **(નાઉઝોબિલ્લાહ)** એટલે તો ઈમામ હુસૈન(અ.)એ સીધો સવાલ કર્યો કે મેં એવું સાંભળ્યું છે કે તમે અમને ત્રણેયને કાફિર માનો છો ? **ફિર ફરમાયા, મૈં તુઝસે એક બાત પૂછના ચાહતા હું.** ઈમામ હુસૈન(અ.)એ સામેથી સવાલ કર્યો. **ઉસને કહા પૂછીયે.** નાફેએ કહ્યું, હા, પૂછો. **આપને ઉસ વક્ત કે મુતઅલ્લિક સવાલ કીયા.**

ઈમામ હુસૈન(અ.)એ એક આયતની તિલાવત ફરમાવી અને તેના વિશે સવાલ કર્યો. આયત છે :

**વ અમ્મલ જેદારો ફકાન લિ ગોલામૈને યતિમૈને ફિલ મદીનહ.** (સૂરએ કહફ, આયત-૮૨) અને આ આયતનો તરજુમો છે : **ઔર યે દીવાર શહર કે દો યતીમ બચ્ચોંકી થી.** આ આયતમાં દીવાલનું વર્ણન છે અને દીવાલ વિશે કહેવામાં આવ્યું છે કે આ દીવાલ શહેરના બે યતીમ બાળકોની હતી. **અય ઈબ્ને અઝરક ! કીસને ઈન દોનોં યતીમોંકે વાસ્તે ખઝાના છુપાયા થા ?** આ તમને યાદ હોય તો... ગયા વર્ષની મજલિસોમાં...

તો હઝરત મૂસા(અ.) અને હઝરત ખિઝર(અ.) જ્યારે સાથે સાથે જાય છે તો એક દીવાલ કે જે જર્જરિત હોય છે તેને હઝરત ખિઝર(અ.) ચણી નાખે છે પાછી, અને મૂસા(અ.)થી રહેવાતું નથી અને સવાલ કરી બેસે છે કે શા માટે આવું કર્યું? તો આ દીવાલ વિશે જે આયત છે તે. જ્યારે હઝરત ખિઝર(અ.) પાછળથી મૂસા(અ.)ને બધા ખુલાસાઓ આપે છે ત્યારે ફરમાવે છે કે તે દીવાલની જે વાત છે તે હતી બે યતીમ છોકરાઓની. શહેરના બે યતીમ છોકરાઓની. તો એ આયતની તિલાવત ઈમામ હુસૈન(અ.)એ કરી અને ઈબ્ને અઝરકથી સવાલ કર્યો, **કીસને ઉન દોનોં યતીમો કે વાસ્તે ખઝાના છુપાયા થા ?** કે આ બન્ને યતીમો માટે ખજાનો છુપાવનાર કોણ હતું? **ઉસને જવાબ દીયા, ઉનકે બાપને.** ઈબ્ને અઝરકે જવાબ આપ્યો કે કુરઆન શરીફમાં છે કે તે દીવાલની નીચે ખજાનો એમના પિતાએ તેમના જીવનકાળમાં છૂપાવ્યો હતો.

**હઝરત ઈમામ હુસૈન(અ.)ને પૂછા,** ત્યારે હઝરત ઈમામ હુસૈન(અ.)એ ફરીથી પૂછયું. **ઈન દોનોંકા બાપ બહેતર થા યા રસૂલે ખુદા(સ.) ?** બે યતીમોનો જે બાપ છે તે પોતાના જીવનકાળમાં પોતાની ઔલાદના ભવિષ્ય માટે ચિંતા કરતો ગયો અને રસૂલિલ્લાહ(સ.) પોતાની ઉમ્મત વિશે કોઈ ચિંતા જ ન કરતા ગયા ? તો આવો સવાલ એક ખારજીને જે મૌલા અલી(અ.)ની ખિલાફતને નહોતો માનતો તેને, ઈમામ હુસૈન(અ.)એ કર્યો. દેખીતી વાત છે કે રસૂલિલ્લાહ **ખૈરૂલ બશર** છે, રસૂલિલ્લાહ સૌથી વધુ મરતબો ધરાવનાર માસૂમ છે. તો આ તો સ્પષ્ટ વાત છે અને એવો સવાલ કે જેનો જવાબ સ્પષ્ટ હતો તે ઈમામ હુસૈન(અ.)એ ઈબ્ને અઝરકને કર્યો.

તો ઈબ્ને અઝરક હઝરત ઈમામ હુસૈન(અ.)ના સવાલનો આશય સમજી ગયો અને છંછેડાઈ ગયો અને કહેવા લાગ્યો, **ઈબ્ને અઝરક જો એક બદતમીઝ ઔર સરફિરા આદમી થા યે સુનકર ચીડ ગયા ઔર કહેને લગા કે અલ્લાહ તઆલાને હમકો ખબર દી હૈ કે આપ લોગ ઝઘડાલુ કૌમસે તઅલ્લુક રખતે હૈ.** એટલે સામેથી બદઝબાની કરી કે કુરઆન શરીફની કોઈ આયતના અર્થ વગર ઈશારો કર્યો કે, અલ્લાહે અમને ખબર આપી છે કે આપ લોકો બધા ઝઘડાખોર કોમમાંથી છો.

અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને મોહંમદ વ આલે મોહંમદના સાચા મોહિબ બનાવે.

*(ઈલોલ તલાવ, તા.૧૭-૧૦-૨૦૦૯, શનિવાર)*

*(ક્રમશઃ)*

**G. K. Corner Solution (103)**

(૧) રાષ્ટ્રપતિ (૨) રોસ્ટર (૩) ગૌતમ ગંભીર (૪) દાંત (૫) હૈતી (૬) બોટની (૭) બેઈજિંગ


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## દુઆ

صدق دل سے باادب ہوکر دُعا کو ہاتھ اُٹھاؤ — **સદક દિલસે બાઅદબ હોકર દુઆકો હાથ ઉઠાઓ,**
آنکھ سے آنسو رواں ہوں مُدّعا یوں لب پہ لاؤ — **આંખસે આંસૂ રવાં હો, મુદુઆ યું લબ પે લાઓ.**

*(સાચા હૃદયથી, વિનયી બનીને દુઆ માટે હાથ ઊંચા કરો. એક બાજુ આંખમાંથી આંસુ વહેતાં હોય અને બીજી બાજુ તમારી માગણીને આ રીતે હોઠ દ્વારા રજૂ કરો.)*

آپ ہیں مشکل کُشا، حاجت روا، مولیٰ علیؑ — **આપ હૈ મુશ્કિલકુશા હાજતરવા, મૌલા અલી !**
کیجے مُجھ پر بھی نگاہِ لطف، یا مولیٰ علیؑ — **કીજીયે મુઝ પર ભી નિગાહે લુત્ફ, મૌલા અલી !**

*(અય મારા મૌલા અલી(અ.) ! આપ તો મુશ્કેલીઓને દૂર કરનારા છો, હાજતોને પૂરી કરવાવાળા છો. અય મારા મૌલા અલી(અ.) ! મારા ઉપર પણ કૃપાની દૃષ્ટિ ફેંકજો.)*

آپ کے در کا ہوں میں بھی اک گدا مولیٰ علیؑ — **આપકે દરકા હૂં મૈં ભી એક ગદા મૌલા અલી !**
پوری کیجے میری ہر اک التجا مولیٰ علیؑ — **પૂરી કીજીયે મેરી હર એક ઈલ્તિજા મૌલા અલી !**

*(અય મારા મૌલા અલી(અ.) ! હું પણ આપના દરવાજે આવેલ એક ભિખારી છું. અય મારા મૌલા અલી(અ.) ! મારી દરેક અરજને આપ પૂરી કરજો.)*

رہتی دنیا تک رہوں میں یونہی شادو بامُراد — **રહેતી દુન્યા તક રહૂં મૈં યૂં હી શાદો બામુરાદ,**
اپنے جد کی طرح میں بھی ہوں، غلامِ خانہ زاد — **અપને જદકી તરહ મૈં ભી હૂં ગુલામે ખાનાઝાદ.**

*(દુનિયા બાકી રહે ત્યાં સુધી હું આવી જ રીતે ખુશ અને આપના દ્વારેથી મુરાદો માગનારો જ બની રહું. હું પણ મારા દાદાની માફક કા'બામાં પેદા થનારનો ગુલામ છું.)*

روضہء اقدس کی مجھکو بھی زیارت ہو نصیب — **રૌઝએ અકદસકી મુઝકો ભી ઝિયારત હો નસીબ,**
روز افزوں آپ کی، دل کو محبّب ہو نصیب — **રોઝ અફઝૂં આપકી, દિલકો મોહબ્બત હો નસીબ.**

*(મને પણ આપના પવિત્ર રોઝાની ઝિયારત નસીબ થાય અને દિન પ્રતિદિન મારા દિલને આપની મોહબ્બતનો વધારો નસીબ થતો જ જાય.)*

*

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### પ્રકાશની જાફરી થીઅરી અને બીમારી

(ગતાંકનું ચાલું)

માણસ ફક્ત એટલું જ જાણે છે કે વાયરસ કોષમાં જગ્યા લઈને તેને નુકસાન પહોંચાડવા લાગી જાય છે અને જ્યારે કોઈ દવા દર્દીને આપવામાં આવે છે તો તે દવા વાયરસનો નાશ કરવામાં મદદ કરે છે. ગમે તેમ પણ આ વિશે અત્યાર સુધી કેટલીક વસ્તુઓની માણસને જાણકારી ન હતી કારણ કે વિજ્ઞાન ન તો અત્યાર સુધી કોષને સારી રીતે જાણી શક્યું છે કે ન તો વાયરસને ઓળખી શક્યું છે. જો માણસ એટલું જાણી લે કે શરીરના કોષ કઈ રીતે વૃધ્ધાવસ્થા સુધી પહોંચે છે તો તે અવશ્ય વૃધ્ધાવસ્થા ઉપર કાબૂ મેળવી લેશે.

અમેરિકન અને રશિયન વૈજ્ઞાનિકોના સંશોધન વડે સાબિત થઈ ચૂક્યું છે કે ફોટોન કે જે પ્રકાશનો એક કણ છે તેને જો અલ્ટ્રાવાયોલેટ કિરણોનો ભાગ ગણવામાં આવે અને જો તે એક બીમાર કોષમાંથી નીકળે તો તે તંદુરસ્ત કોષમાં બીમારી ફેલાવાનું કારણ બને છે. ગમે તેમ પણ કદાચ વિજ્ઞાનના આધારે અનુમાન લગાવવાથી ફોટોન વડે બીમારી પેદા થવાની પરિસ્થિતિ એટલી બધી જુદી હોય કે આપણે એવા નિષ્કર્ષ ઉપર પહોંચીએ કે બીમારી પેદા થવાનું કારણ તેના કરતાં ઘણું જુદું છે કે જે આપણે માનીએ છીએ.

ભૌતિકશાસ્ત્ર સહિત વિવિધ વિજ્ઞાનો વિશે ઈમામ જાફર સાદિક(અ.)નો દૃષ્ટિકોણ આટલે સુધી જ સીમિત નથી પરંતુ ભૌતિકશાસ્ત્ર સહિત બીજા વિજ્ઞાનો વિશે આપના એવા દૃષ્ટિકોણ છે કે જેમનું સમર્થન આજકાલનું વિજ્ઞાન કરે છે. ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણમાંથી એક એ છે કે અલ્લાહ તઆલા સિવાય જેટલી વસ્તુઓ કાઈનાતમાં અસ્તિત્વ ધરાવે છે તેનાથી વિપરીત વસ્તુ પણ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ એ વિપરીત વસ્તુઓમાં ટક્કર પેદા થતી નથી. જો ટક્કર થઈ જાય તો શક્ય છે કે આખી કાઈનાત વેરાન થઈ જાય.

આ થીઅરી આજના પદાર્થ **(matter)**ની અને પ્રતિપદાર્થ **(anti-matter)**ની થીઅરીથી મળતી આવે છે જેનું અમે સંક્ષેપમાં અગાઉના પૃષ્ઠો ઉપર વર્ણન કરી ચૂક્યા છીએ અને હવે ચર્ચાના સંદર્ભમાં ઈમામ જાફર સાદિક(અ.)ની થીઅરી વિશે વર્ણન કરીશું અને બતાવીશું કે આપનો દૃષ્ટિકોણ થીઅરીના તબક્કાથી આગળ વધીને વ્યવહારિક તબક્કામાં દાખલ થઈ ચૂક્યો છે અને તબક્કાવાર વૈજ્ઞાનિકો વિવિધ દેશોમાં તત્વોના પ્રતિપદાર્થની શોધ કરવામાં લાગેલા છે.

**ઈસ્લામી કવીઝ નં. ૧૧૨ના જવાબો**

*(૧) હિજરી સન-૨ થી (૨) દુઆએ કુનૂત (૩) હઝરત યૂસુફ(અ.)નો (૪) હદીસે સકલયન (૫) વહબે કલ્બીનું (૬) હઝરત મોહંમદ મુસ્તફા(સ.) (૭) હઝરત મૂસા(અ.)એ*

પદાર્થ અને પ્રતિપદાર્થ* વચ્ચે તફાવત એ છે કે સામાન્ય તત્વના પદાર્થના એટમોમાં ઈલેક્ટ્રોન ઉપર નેગેટીવ અને પ્રોટોન ઉપર પોઝીટીવ વીજભાર હોય છે. અત્યાર સુધી કોઈએ પ્રયોગ કર્યો નથી કે જો પદાર્થના એટમની ટક્કર પ્રતિપદાર્થના એટમોની સાથે થઈ જાય અને વિસ્ફોટ થાય તો શું થશે ? આ વિશે જે કંઈ કહેવામાં આવ્યું છે તે થીઅરી સુધી સીમિત છે અને એવું ને એવું જ છે કે જે ઈ.સ. ૧૯૪૪ના ઉનાળા પહેલાં યુરેનિયમના વિસ્ફોટ વિશે કહેવામાં આવતું હતું, જ્યાં સુધીમાં અમેરિકાએ પોતાના દેશમાં એટમી પ્રયોગ કર્યો ન હતો. તે સમય સુધી એવું કહેવામાં આવતું હતું કે એટમ બોમ્બનો પ્રયોગ અશક્ય છે. પરંતુ આવું થયું નહીં અને તેના પછી આજ સુધીમાં ઘણી વખત એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બના વિસ્ફોટ થયા પરંતુ પૃથ્વીના તત્વો પર તેની અસર થઈ નહીં.

એટમ બોમ્બના વિસ્ફોટ અને પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટ વચ્ચે ફેર છે કારણ કે એટમ બોમ્બ અથવા હાઈડ્રોજન બોમ્બ ફાટે છે ત્યારે પદાર્થનો થોડોક ભાગ ઉર્જામાં ફેરવાઈ જાય છે અને બાકીનો પદાર્થ એમને એમ રહી જાય છે એટલે કે તે ઉર્જામાં ફેરવાતો નથી. અમે જાણીએ છીએ તેમ ઉર્જાને પદાર્થમાં ફેરવવાનો સિધ્ધાંત જે આઈન્સ્ટાઈને પ્રસ્તુત કર્યો છે તે **$E=mc^2$** છે.

આ સિધ્ધાંતના આધારે જે કંઈ એક એટમ બોમ્બ અથવા એક હાઈડ્રોજન બોમ્બમાં છે જો તે બધું ઉર્જામાં ફેરવાઈ જાય તો ઘણી વધારે ઉર્જા અસ્તિત્વમાં આવશે અને ઈંગ્લેન્ડના એક ભૌતિકશાસ્ત્રી જૂલ **(Jule)** કે જેના નામ પરથી એક ચુંબકીય માપનું નામ રાખવામાં આવ્યું છે અને જે ઓગણીસમી સદી ઈસવીમાં થઈ ચૂક્યો છે, તેના કહેવા પ્રમાણે જો બધો જ પદાર્થ એવી રીતે ઉર્જામાં ફેરવાઈ જાય કે તેમાંથી ધુમાડો અને રાખ પણ નીકળે નહીં તો કાઈનાત વિલીન થઈ જશે. પરંતુ એક અન્ય ભૌતિકશાસ્ત્રી આઈન્સ્ટાઈને વીસમી સદીમાં પદાર્થને ઉર્જામાં ફેરવવાના સિધ્ધાંત વડે આ વાત તરફ સૂચન કર્યું છે કે જો એક કિલો પદાર્થ સંપૂર્ણરીતે ઉર્જામાં ફેરવાઈ જાય તો કાઈનાત વિલીન નહીં થઈ જાય. પરંતુ આજ સુધી માનવજાત એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ વડે પદાર્થને સંપૂર્ણરીતે ઉર્જામાં ફેરવી શકી નથી.

ઈ. સ. ૧૯૪૪ના ઓગસ્ટ મહિનામાં હિરોશીમા ઉપર જે બોમ્બ ફેંકવામાં આવ્યો તેના દ્રવ્યમાનના એક હજાર ભાગમાંથી ઓગણીસ ભાગ જ ઉર્જામાં ફેરવાયા અને બાકીના વેડફાઈ ગયા. હાઈડ્રોજન બોમ્બમાં પદાર્થને ઉર્જામાં ફેરવવાના અનુમાન વિશે અમને કોઈ જાણકારી નથી અને એવા દેશો કે જેમની પાસે આ બોમ્બ છે અને તેમણે તેમના ઉપર પ્રયોગો કર્યા છે તેમણે આ રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો નથી કે બોમ્બનું કેટલું દ્રવ્યમાન ઉર્જામાં ફેરવાય છે કે જેથી આપણે જાણી શકીએ કે તેમનો કેટલો

* જ્યારે પદાર્થને ઉર્જામાં ફેરવવાના સિધ્ધાંતને ઉર્જાના ધારા ધોરણ મુજબ સરખાવવામાં આવે છે તો આ વાત ધ્યાન આપવા લાયક છે કે આ સિધ્ધાંતમાં દ્રવ્યમાનને ગ્રામમાં માપવામાં આવે છે અને પ્રકાશની વેલોસીટીને સેન્ટીમીટરમાં માપવામાં આવે છે એટલે કે એક સેન્ટીમીટરમાં પ્રકાશની ગતિ. જ્યારે આ સંખ્યા પ્રાપ્ત કરવામાં આવે છે તો તેને ગ્રામ વડે ભાગવામાં આવે છે કે જેથી ઉર્જાનું માપ શોધી શકાય. અહીં આ બાબત ધ્યાન આપવા લાયક છે કે જે ઉર્જાનું માપ પ્રાપ્ત થાય છે તેને અર્ગમાં માપવામાં આવે છે. એક ગ્રામ વજનને એક સેન્ટીમીટર સુધી એક સેકન્ડમાં લઈ જવામાં જે ઉર્જા વપરાય છે તેને અર્ગ કહેવામાં આવે છે અને તે એવી સહેલાઈથી ગણવામાં આવે છે કે જો એક કિલો પદાર્થ ઉર્જામાં ફેરવાઈ જાય તો કેટલી ઉર્જા પેદા કરશે.

ભાગ વેડફાય છે. આ વિશે તે બધા દેશોની ચૂપકીદીનું કારણ રક્ષા સંબંધિત જાણકારીની સુરક્ષા કરવી તે છે.

આઈન્સ્ટાઈનનો આ સિધ્ધાંત કે જો એક કિલોગ્રામ પદાર્થ સંપૂર્ણપણે ઉર્જામાં ફેરવાઈ જાય તો પૃથ્વી નાબૂદ થઈ જશે, આ સિધ્ધાંત છતાંય જ્યારે અમેરિકન વૈજ્ઞાનિકો ઈ.સ. ૧૯૪૪માં એટમી પ્રયોગ કરવા માગતા હતા તો તે મકાનમાં જેટલા વૈજ્ઞાનિકો હતા તે બધા એ વાતથી ગભરાઈ ગયા કે પૃથ્વીનો ગોળો ફના થઈ જશે.

આજે પણ જ્યારે ભૌતિકશાસ્ત્રમાં પદાર્થ અને પ્રતિપદાર્થની ચર્ચા થાય છે તો ભૌતિકશાસ્ત્રીઓ કહે છે કે પદાર્થ અને પ્રતિપદાર્થની ટક્કર બન્નેને સંપૂર્ણપણે ઉર્જામાં ફેરવી દે છે. તેમના કહેવા પ્રમાણે એક કિલો પદાર્થના એક કિલો પ્રતિપદાર્થમાં ફેરવાઈ જવાના કારણે એટલી બધી ઉર્જા અસ્તિત્વમાં આવશે કે તે પૃથ્વીના ગોળાને નાબૂદ કરીને તેને વાયુ બનાવી દેશે અને એટલા માટે કે આ વાયુનું તાપમાન ઘણું જ વધારે હશે એટલે તે સૂર્ય સુધી ફેલાઈ જશે.

પરંતુ પ્રોફેસર આલ્ફન **(Alphon)** કે જે સ્વીડનની લુન્દ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે તેઓ આ થીઅરીના વિરોધી છે. તેમના કહેવા પ્રમાણે ભવિષ્યમાં માનવજાતિ માટે ઉર્જાનો સ્ત્રોત ન તો યુરેનિયમના વિદ્યુત કારખાનાઓમાં છે કે ન દરિયા અને સમુદ્રોથી પ્રાપ્ત કરેલા હાઈડ્રોજનમાં છે, બલ્કે માનવજાતિ ભવિષ્યમાં પદાર્થ અને પ્રતિપદાર્થની ટક્કર વડે ઉર્જા પ્રાપ્ત કરશે અને એકસો કિલો પદાર્થ અને પ્રતિપદાર્થ એટલે કે પચાસ કિલો પદાર્થ અને પચાસ કિલો પ્રતિપદાર્થ આખી દુનિયામાં માણસની ઉર્જાની જરૂરિયાતને પૂરી પાડવા માટે એક વર્ષ માટે પર્યાપ્ત હશે.

અમે અગાઉ વર્ણન કર્યું છે તેમ અત્યાર સુધી પદાર્થ અને પ્રતિપદાર્થને આપસમાં ટકરાવી શકાયા નથી કે જેના વડે આ વાત જાણી શકાય કે આ ટક્કરથી કઈ વસ્તુ પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રોફેસર આલ્ફનની થીઅરી પ્રમાણે ઉર્જા ઉપરાંત કોઈ અન્ય વસ્તુ અસ્તિત્વમાં આવશે કે જે વાતાવરણને પ્રદૂષિત કરશે. પ્રોફેસર આલ્ફને આ ઉર્જાને કે જે પદાર્થ અને પ્રતિપદાર્થની ટક્કરના પરિણામ સ્વરૂપે અસ્તિત્વમાં આવશે તેને મેટર્જી **(matergy)**નું નામ આપ્યું છે જેવી રીતે કે સામાન્ય ઉર્જાને એનર્જી કહેવામાં આવે છે. આ વૈજ્ઞાનિકના દૃષ્ટિકોણ પ્રમાણે જો અડધો કિલો પદાર્થ અડધો કિલો પ્રતિપદાર્થ સાથે ટકરાય તો એક અરબ ડિગ્રી તાપમાન અસ્તિત્વમાં આવશે અને દુનિયામાં કોઈ એવો સ્ત્રોત અથવા માધ્યમ નથી કે જે આટલું બધું તાપમાન પેદા કરી શકે.

ખગોળશાસ્ત્રીઓના મત પ્રમાણે સૂર્યના કેન્દ્રનું તાપમાન દસ મિલીયન ડિગ્રી છે. શું માનવજાતિ આટલા બધા તાપમાનને કાબૂમાં રાખીને પોતાના ઉપયોગમાં લઈ શકે ખરી ? પ્રોફેસર આલ્ફન કહે છે કે હા, પદાર્થ અને પ્રતિપદાર્થના અસંપૂર્ણ વિસ્ફોટ વડે તાપમાન ઓછું કરી શકાય છે. અસંપૂર્ણ વિસ્ફોટનો અર્થ એટમ બોમ્બનો વિસ્ફોટ છે કે જેમાં પદાર્થનો ફક્ત થોડોક જ ભાગ ઉર્જામાં ફેરવાય છે જ્યારે કે બાકીનો ભાગ વેડફાઈ જાય છે. પદાર્થ અને પ્રતિપદાર્થની ટક્કરના વિષયને જે વસ્તુ થીઅરીની હદોથી આગળ વધવા દેતી નથી તે છે તેનું આર્થિક પાસુ કારણ કે લુન્દ યુનિવર્સિટીના પ્રોફેસર આલ્ફનના દૃષ્ટિકોણ પ્રમાણે પદાર્થ અને પ્રતિપદાર્થની ટક્કર અને ઉર્જા પેદા થવામાં દસથી પંદર અરબ ડોલર ખર્ચ થાય છે અને આજે કોઈ પણ સરકાર કે સંસ્થા દસથી પંદર અરબ ડોલર ખર્ચ કરીને

પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટનો પ્રયોગ કરવા તૈયાર નથી કે જેથી પ્રોફેસર આલ્ફનની પરિભાષામાં જેને મેટર્જી કહેવાય છે તે અસ્તિત્વમાં આવે.

અનુભવ એવું કહે છે કે જો પદાર્થ અને પ્રતિપદાર્થનો પ્રયોગ કરી લેવામાં આવે તો મેટર્જી પ્રાપ્ત કરવી સહેલી થઈ જશે. જેવી રીતે એટમી ઉર્જાનો સદુપયોગ કરીને બધા તત્વોમાંથી યુરેનિયમને પસંદ કરવામાં આવ્યું હતું એવી જ રીતે એવું માનવામાં આવે છે કે પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટથી ઉર્જા પ્રાપ્ત કરવા માટે હિલિયમનો ઉપયોગ કરવામાં આવશે કારણ કે રશિયન ભૌતિકશાસ્ત્રીઓએ હિલિયમનો પ્રતિપદાર્થ પ્રાપ્ત કર્યો છે અને રશિયામાં હિલિયમના પદાર્થ અને પ્રતિપદાર્થના વિસ્ફોટની હમણાં તૈયારીઓ થઈ રહી છે. અમે માનીએ છીએ કે આ વિષય ઉપર હવે વધારે ચર્ચા કરવી નિરર્થક છે. ✻


## આશિકાને હક ટૂર

### યોજે છે હજ-ઉમ્રહ ઝિયારત

અલ્લાહના ફઝલો કરમથી, પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓ સાથે અમારી નવીન ટૂર **'આશિકાને હક'** દ્વારા જૂન-૨૦૧૦માં (ઈ.અ.) પ્રથમ ટૂરનું આયોજન કરેલ છે. તો આ ટૂરમાં શામેલ થવા ઈચ્છતા મોમિન ભાઈ-બહેનોએ નીચેના મોબાઈલ નંબર્સ પર સંપર્ક કરવા અરજ છે.

:::::::::::::::::::::::: **સંપર્ક** ::::::::::::::::::::::::

**(૧) હાજી શેરઅલી દાઉદ મુખી (રસુલપુર-કાકોશી)**
મો. ૯૮૨૫૭૩૨૨૮૭

**(૨) કાસમઅલી સુલેમાન પલસાણીયા**
૯૯૨૫૨૮૨૨૨૮ -રસુલપુર
૦૯૦૨૯૧૪૦૭૬૫ -મુંબઈ

**(૩) હાજી મહંમદઅલી હાજી દાઉદ પલસાણીયા**
મુંબઈ(જોગેશ્વરી) મો.૦૯૮૬૯૧૦૨૮૮૫

## ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ અને એકાઉન્ટીંગના કામકાજ માટે...

**ખાદિમહુસૈન રહીમભાઈ શેલીયા (સરોળી)**
(B.Com. LLB) (કાકોશીવાળા)
ટેક્ષ કન્સલ્ટન્ટ Mo. 9925876440

**એજાજહુસૈન ઈમ્તિયાઝભાઈ મોમિન**
(B.Com. LLB) (કઠોરવાળા)
ટેક્ષ કન્સલ્ટન્ટ Mo. 9913192429

પાક પરવરદિગારના રહમો કરમ અને રૂહાની રહેબરના આશીર્વાદ સાથે ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ અને ધંધાના એકાઉન્ટીંગનું કામકાજ શરૂ કરેલ છે. તો ધંધાની નવીન ફાઈલ બનાવવા કે ચાલુ ફાઈલમાં મદદરૂપ થવા અમારી તૈયારી છે. ઈન્શાઅલ્લાહ ખાત્રીપૂર્વક કામકાજ કરી આપીશું. સહકારની અપેક્ષા સહ...

**ઓફિસ : શગુન ગેસ્ટ હાઉસ, ઉના પાની રોડ, રેલ્વે સ્ટેશનની સામે, સુરત-૩૯૫ ૦૦૩**

**ફોન નંબર (૦૨૬૧) ૨૪૩૧૧૪૮, ૨૪૫૦૧૨૪**

મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

## ભાગ-૩
## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૧૦૭) લાભ વગરનું ઈલ્મ :**

ઘણા આલિમો છે કે જેમને દીનથી અજાણતાએ મારી નાખ્યા છે, અને પછી તેના ઈલ્મે પણ કોઈ લાભ નથી પહોંચાડ્યો.

**(૧૦૮) દિલની હાલત :**

આ ઈન્સાનના વુજૂદ(અસ્તિત્વ)માં સૌથી વધારે આશ્ચર્યજનક માંસનો લોંદો છે કે જેને એક રગની સાથે લટકાવી દેવામાં આવ્યો છે જેનું નામ દિલ છે કેમકે તેમાં ડહાપણનાં ઝરણાં પણ છે અને તેના વિરોધી પણ છે કે જ્યારે તેને આશાનું કિરણ દેખાય છે તો લાલચ હડધૂત કરી દે છે અને જ્યારે લાલચમાં ઉભરો આવે છે તો ઈર્ષા બરબાદ કરી દે છે અને જ્યારે હતાશા છવાઈ જાય છે તો અબળખા મારી નાખે છે અને જ્યારે ઉશ્કેરાટમાં આવે છે તો ગમ અને ગુસ્સો વધી જાય છે અને જ્યારે સુખી થાય છે તો આગમચેતી ભૂલી જાય છે અને જ્યારે ભય છવાઈ જાય છે તો સંભાળ બીજી વસ્તુઓથી ગાફિલ કરી દે છે અને જ્યારે સંજોગો વિશાળ થઈ જાય છે તો ગફલત કબજો કરી લે છે - અને જ્યારે માલ મેળવી લે છે તો બેપરવાહી ઉધ્ધત બનાવી દે છે, અને જ્યારે કોઈ સંકટ આવી પડે છે તો ફરિયાદ રૂસ્વા કરી દે છે અને જ્યારે ભૂખ મારી નાખે છે તો આફત પકડી લે છે. અને જ્યારે ભૂખ થકવી દે છે તો નબળાઈ બેસાડી દે છે અને જ્યારે જરૂર કરતાં વધારે પેટ ભરાઈ જાય છે તો અકરાંતિયાપણાની પીડામાં સપડાઈ જાય છે. - ટૂંકમાં એ કે દરેક ઉણપ નુકસાનકારક હોય છે અને દરેક અતિશયતા વિનાશક.

**(૧૦૯) હિદાયતનું કેન્દ્ર :**

અમો એહલેબયત(અ.) જ સમતોલ મધ્યબિંદુ છીએ કે જેનાથી પાછળ રહી જનારા આગળ વધીને તેને મળી જાય છે અને આગળ વધી જનારા પાછા ફરીને ભેગા થઈ જાય છે.

**(૧૧૦) રાજકર્તાના ગુણધર્મ :**

અલ્લાહના હુકમોને એ જ લાગુ પાડી શકે છે કે જે હકના મામલામાં શેહ શરમ ન રાખતો હોય અને લાચારી કે નિર્બળતા ન દેખાડતો હોય અને લાલચની પાછળ ન દોડતો હોય.

**(૧૧૧) સોહેલ બિન હનીફ :**

જ્યારે સિફ્ફીનથી પાછા ફરતાં સોહેલ બિન હનીફ અન્સારીનો કુફામાં ઈન્તેકાલ થઈ ગયો, જેઓ હઝરતના પ્યારા સહાબી હતા, તો આપે ફરમાવ્યું, મારાથી જો કોઈ પહાડ પણ મોહબ્બત કરશે તો ટુકડે ટુકડા થઈ જશે.

**(૧૧૨) એહલેબયત(અ.)ની મોહબ્બત :**

જે અમ એહલેબયત(અ.)થી મોહબ્બત કરે તેણે ગરીબીના વસ્ત્રો પહેરવા તૈયાર થઈ જવું જોઈએ.

**(૧૧૩) ચાહવાલાયક ગુણો :**

બુધ્ધિથી વધારે લાભકર્તા કોઈ મૂડી નથી. આત્મશ્લાધાથી વધારે ભયાનક કોઈ એકલતા નથી. તદબીર જેવી કોઈ બુધ્ધિ નથી અને તક્વા જેવી કોઈ મોટાઈ નથી. સુંદર સ્વભાવ જેવો કોઈ સાથી નથી અને સંસ્કૃતિ જેવો કોઈ વારસો નથી. સદબુધ્ધિ

જેવો કોઈ આગેવાન નથી અને સદકાર્યો જેવો કોઈ વેપાર નથી. સવાબ જેવો કોઈ લાભ નથી અને શંકાઓમાં સંયમ જેવી કોઈ પરહેઝગારી નથી. હરામના પ્રતિ વિરક્તિ જેવો કોઈ ઝોહદ નથી અને ચિંતન જેવું કોઈ ઈલ્મ નથી. ફરજો પૂરી કરવા જેવી કોઈ ઈબાદત નથી, અને લજ્જા શરમ જેવું કોઈ ઈમાન નથી. વિનમ્રતા જેવી કોઈ ખાનદાની નથી અને ઈલ્મ જેવી કોઈ પ્રતિષ્ઠા નથી. સહિષ્ણુતા જેવી કોઈ ઈઝઝત નથી અને મશ્વેરાથી વધારે મજબૂત કોઈ આશરો નથી.

**(૧૧૪) સદભાવના અને કુભાવના :**

જ્યારે સમય અને સમયના લોકો પર નેકીઓની વિપુલતા હોય અને કોઈ શખ્સ કોઈ શખ્સમાં બૂરાઈ જોયા વગર અભાવ પેદા કરે તો તેણે એ શખ્સ પર જુલ્મ કર્યો અને જ્યારે જમાના અને જમાનાવાળા પર ફસાદની અતિશયતા હોય અને કોઈ શખ્સ કોઈ શખ્સથી સદભાવ રાખે તો જાણે તેણે પોતાને જ દગો દીધો.

**(૧૧૫) ખબર અંતર પૂછવાનો જવાબ :**

એક શખ્સે આપને ખબર અંતર પૂછયા તો ફરમાવ્યું : તેનો હાલ શું હોય કે જેનું બાકી રહેવું જ નાશ તરફ લઈ જતું હોય અને તંદુરસ્તી જ બીમારીની પ્રસ્તાવના હોય અને તે પોતાના આશ્રયઘરમાંથી એક દિવસ પકડી લેવામાં આવશે.

**(૧૧૬) કસોટી અને પારખાં :**

ઘણા ય લોકો એવા છે કે જેમને નેકીઓ આપીને પકડમાં લેવામાં આવે છે અને તેઓ ઢાંકપિછોડાના કારણે જ ધોખામાં રહે છે અને પોતાના વિશે સારી વાત સાંભળીને ધોખામાં પડી જાય છે. અને જુઓ અલ્લાહે મોહલતથી વધારે સારું પરીક્ષાનું સાધન નથી બનાવ્યું.


**મેડીકલ માટે માણસ જોઈએ છે.**

**મો. ૯૪૨૭૯૫૫૧૧૫**


**(૧૧૭) મિત્ર અને શત્રુ :**

મારા સંબંધમાં બે પ્રકારના લોકો હલાક થઈ ગયા; એ દોસ્ત કે જે દોસ્તીમાં અતિશયોક્તિથી કામ લે છે અને એ દુશ્મન કે જે દુશ્મનીમાં અતિશયોક્તિ કરે છે.

**(૧૧૮) તક ગુમાવવાનું પરિણામ :**

ફુરસદને ગુમાવવી રંજ અને ઉપાધિનું કારણ છે.

**(૧૧૯) દુનિયા એક સર્પ સમી છે :**

દુનિયાની ઉપમા સર્પ જેવી છે કે જે સ્પર્શમાં અત્યંત મુલાયમ હોય છે અને તેની અંદર ઘાતક ઝેર હોય છે, ધોખો ખાધેલો જાહિલ તેના તરફ આકર્ષાય છે અને સમજ બુધ્ધિવાળો તેનાથી સાવચેત રહે છે.

**(૧૨૦) કુરૈશની વિશિષ્ટતા :**

આપને કુરૈશના સંબંધમાં પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું, બની મખઝૂમ કુરૈશનું મહેકતું ફૂલ છે. તેનાથી વાતચીત પણ સારી લાગે છે અને તેની સ્ત્રીઓથી સગપણ ગમે છે, અને બની અબ્દે શમ્સ ઘણે દૂર સુધી વિચરનારા અને પોતાની પીઠ પાછળની વાતોની રોકથામ કરવાવાળા છે પરંતુ અમે બની હાશિમ પોતાના હાથથી દોલત લૂંટાવવાવાળા અને મોતના મેદાનમાં જાન દેનારા છીએ. તે લોકો સંખ્યામાં વધારે છે, છળ પ્રપંચમાં આગળ, અને કદરૂપા છે, અને અમે લોકો વાક્ચાતુર્યવાળા વાણી વિશારદ, વિશુધ્ધ અને ઉજ્જવળ વદનવાળા છીએ.

**(૧૨૧) બે અમલ :**

એ બે પ્રકારના અમલોમાં કેટલું અંતર જોવામાં આવે છે ? -એ અમલ કે જેની મજા ખતમ

થઈ જાય અને તેની વિપત બાકી રહી જાય. અને (બીજો એ) અમલ કે જેની મહેનત ખતમ થઈ જાય અને અજર બાકી રહી જાય.

**(૧૨૨) તેમની પાસે ન તો જોનારી આંખ કે ન સમજવાવાળી અકલ છે :**

આપે એક જનાઝામાં ભાગ લીધો અને એક શખ્સને હસતો જોયો તો ફરમાવ્યું, એવું લાગે છે કે મૃત્યુ કોઈ અન્યના માટે લખવામાં આવ્યું છે અને આ હક કોઈ બીજા પર જરૂરી ગણવામાં આવ્યો છે, અને જાણે કે જે મરવાવાળાને આપણે જોઈ રહ્યા છીએ તે એવો પ્રવાસી છે કે જે ઘડીમાં પાછો આવનાર છે, કે અહીં આપણે તેને ઠેકાણે લગાવીએ છીએ અને ત્યાં આપણે તેના છોડેલાને ભક્ષવા લાગીએ છીએ જાણે કે આપણે સદા રહેનારા છીએ, ત્યાર પછી આપણે દરેક શિખામણ આપનાર સ્ત્રી પુરૂષને ભૂલાવી દીધો છે અને દરેક આફત મુસીબતનું લક્ષ્ય બની ગયા છીએ.

**(૧૨૩) કેટલાક પ્રશંસનીય ગુણો :**

ભલુ થાય એ લોકોનું કે જેમણે પોતાની અંદર વિવેકની ભાવના જન્માવી, પોતાની રોઝીને પવિત્ર બનાવી લીધી, પોતાના અંતરને નેક કરી લીધું, પોતાની આદતોને સુંદર બનાવી લીધી, પોતાના માલના વધારે ભાગને ખુદાની રાહમાં ખર્ચ કરી દીધો, અને પોતાની જીભાજોડી પર અંકુશ મેળવી લીધો, પોતાના છળને લોકોથી દૂર રાખ્યો અને સુન્નતને પોતાનું જીવન બનાવ્યું અને બિદઅતથી કોઈ સંબંધ ન રાખ્યો.

**(૧૨૪) સ્ત્રી પુરૂષની અસ્મિતા :**

ઓરતે પ્રેમ સંશય કરવો કુફ્ર છે અને પુરૂષે પ્રેમ સંશય કરવો ખરું ઈમાન છે. (કેમકે ઈસ્લામમાં બહુપત્નિત્વ જાઈઝ છે જ્યારે બહુપતિત્વ હરામ છે.) (ક્રમશઃ)


**ગુલામઅબ્બાસ એ. અઘારીયા**
ફોન : (૦૭૯) ૨૫૫૦૪૨૯૫
૩૦૪૮૮૪૪૦
મો. ૯૭૨૫૧૨૮૬૭૦

❖ ઈન્ટરનેશનલ એન્ડ ડોમેસ્ટીક એર ટીકીટ
❖ રેલ્વે ટીકીટ
❖ બસ ટીકીટ
❖ પાસપોર્ટ અને પાનકાર્ડના સલાહકાર
❖ જનરલ ઈન્સ્યુરન્સ
❖ મેડી ક્લેમ
❖ લાઈફ ઈન્સ્યુરન્સ
With Paradigm associate limited.

Naaz
Government Authorised Travels

**નાઝ ટ્રાવેલ્સ**
૨૩૧૨, રીલીફ સિનેમાની સામે, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
Email : naaztravels@ymail.com

# અરબી મૂળાક્ષરોનો પરિચય

❖ અંગ્રેજી ભાષામાં જેમ **A, B, C, D...**વિગેરે મૂળાક્ષરો છે, ગુજરાતી ભાષામાં ક, ખ, ગ, ઘ... વિગેરે મૂળાક્ષરો છે તેવી જ રીતે અરબી ભાષાના મૂળાક્ષરોને અરબી તખ્તી કહેવામાં આવે છે. અરબી તખ્તીને વર્ણમાળા કે અક્ષરમાળા કહી શકાય.

❖ **હર્ફ** એટલે અક્ષર અથવા વર્ણ અને **હર્ફ**નું બહુવચન **હુરુફ** થાય છે જેનો અર્થ અક્ષરમાળા અથવા વર્ણમાલા થાય છે.

❖ અરબી તખ્તીમાં કુલ-૨૮ હુરુફ (અક્ષરો) આવેલા છે. ء (હમ્ઝા) વર્ણ ا (અલિફ)ના પર્યાય તરીકે વપરાય છે એટલે હમ્ઝા અને અલિફ એક જ ગણાય છે. لا (લામ અલિફ) ل (લામ) અને (અલિફ)નું સંયુક્તરૂપ لا છે.

❖ અરબી તખ્તીના ૨૮ અક્ષરોમાં ચૌદ વર્ણાક્ષિરો નુક્તાવાળા (એટલે કે બિંદીવાળા) છે જ્યારે ચૌદ વર્ણાક્ષિરો નુક્તા વગરના છે.

❖ અરબી તખ્તીમાં ی , و , ا (અલિફ, વાવ અને યા) આ ત્રણ સ્વર છે બાકીના પચ્ચીસ વ્યંજનો છે.

❖ અરબી તખ્તી બે પ્રકારની છે એટલે કે તે બે રીતે લખાય છે.

**પહેલો પ્રકાર :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| خ | ح | ج | ث | ت | ب | ا | |
| ખે | હે | જીમ | સે | તે | બે | અલિફ | |
| ص | ش | س | ز | ر | ذ | د | |
| સાદ | શીન | સીન | ઝે | રે | ઝાલ | દાલ | |
| ق | ف | غ | ع | ظ | ط | ض | |
| કાફ | ફે | ગૈન | ઐન | ઝોય | તોય | ઝુવાદ | |
| ء · ی | | ھ | و | ن | م | ل | ک |
| હમ્ઝા | યા | હે | વાવ | નૂન | મીમ | લામ | છોટાકાફ |

**બીજો પ્રકાર :**

આ પ્રકારની તખ્તીનો ઉપયોગ અક્ષરો જોડવા માટે કરવામાં આવે છે.

બીજા પ્રકારની તખ્તી નીચે મુજબ છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| خـ | حـ | جـ | ثـ | تـ | بـ |
| ખે | હે | જીમ | સે | તે | બે |
| ظـ | طـ | ضـ | صـ | شـ | سـ |
| ઝોય | તોય | ઝુવાદ | સાદ | શીન | સીન |
| لـ | كـ | قـ | فـ | غـ | عـ |
| લામ | છોટાકાફ | કાફ | ફે | ગૈન | ઐન |
| | | | هـ | نـ | مـ |
| | | | હે | નૂન | મીમ |

નીચે આપેલા છ વર્ણાક્ષિરો ઉપરની યાદીમાં નથી. આ વર્ણાક્ષિરો પોતાની ડાબી બાજુએ આવેલા અક્ષરો સાથે જોડાતા નથી. ફક્ત પોતાની જમણી બાજુએ આવેલા અક્ષરો સાથે જ જોડાય છે. આ છ વર્ણાક્ષિરો નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| و | ز | ر | ذ | د | ا |
| વાવ | ઝે | રે | ઝાલ | દાલ | અલિફ |

❖ અરબી લખતી વખતે હંમેશાં બીજા પ્રકારની તખ્તીનો જ ઉપયોગ થાય છે. પરંતુ દરેક શબ્દનો છેલ્લો અક્ષર હંમેશાં પહેલી તખ્તીમાંથી લેવામાં આવે છે.

❖ અરબી લખાણમાં બન્ને પ્રકારની તખ્તીનો ઉપયોગ થતો હોવાથી બન્ને પ્રકારની તખ્તીના વર્ણાક્ષિરોની ઓળખ જરૂરી છે. (ક્રમશઃ)

**અલ્લાહની નિશાનીઓ** એક ભાવી નબીની પ્યાસને બુઝાવવા માટે તેમની માતા જનાબે હાજરાએ **સફા** અને **મર્વા** પર્વતો વચ્ચે લગાવેલી દોડને યાદગાર બનાવવા માટે અલ્લાહે એ બન્ને પર્વતોને પોતાની નિશાનીઓ **શઆએરિલ્લાહ** કહી છે -

**ઈન્નસ્સફા વલ મર્વતા મિન શઆએરિલ્લાહ.**

(બેશક સફા અને મર્વા અલ્લાહની નિશાનીઓમાંથી છે.)

આમ સફા-મર્વા એક તરસ્યા નબીની યાદગાર છે તો પછી... નબીઓના સરદારના પ્યાસા નવાસા હુસૈન(અ.) સહિત બોત્તેર હકપરસ્ત પ્યાસાઓની યાદગાર કરબલા અલ્લાહની નિશાનીઓમાં કેમ ન ગણાય ?

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૧ — સૂરએ સફ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી (ફૂંકો મારીને) હોલવી નાખે; પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રહેનાર છે. પછી ભલેને નાસ્તિકોને ખોટું (કાં ન) લાગે ! (૮)**

**તે (અલ્લાહ) એ જ તો છે કે જેણે પોતાના રસૂલને હિદાયત તથા સત્ય ધર્મ (ઈસ્લામ) સાથે મોકલ્યો કે જેથી તે તેને સઘળા ધર્મો પર પ્રબળ કરી દે, પછી ભલેને તે મૂર્તિપૂજકોને અણગમતું લાગે. (૯)**

**અય ઈમાન લાવનારાઓ ! ભલા હું તમને એવો સોદો દેખાડું કે જે તમને (આખેરતના) દુઃખદાયક અઝાબથી બચાવી લે ! (૧૦)**

**(તે સોદો આ છે કે) તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઈમાન લાવો, અને અલ્લાહની રાહમાં તમારા માલ તથા જાનથી જેહાદ કરો; અગર સમજો તો આ તમારા માટે બહેતર છે. (૧૧)**

એક દિવસ હઝરત રસૂલે ખુદા(સ.) ઉપર વહી આવી નહીં તેથી કાઅબ બિન અશરફ નામના યહૂદીએ પોતાની કોમને કહ્યું કે તમને ખુશખબરી થાય કે મોહંમદ(સ.)ના ખુદાએ તેમના નૂરને હોલવી નાખ્યું અને હવે તેમનું કામ અટકી જશે. આ સાંભળી આપને દુઃખ થયું ત્યારે જનાબે જીબ્રઈલ આ આયત લઈને આવ્યા કે એ કાફરો ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી હોલવી નાખે પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી દેનાર છે પછી ભલેને નાસ્તિકોને ખોટું કેમ ન લાગે.

અલ્લાહ એ છે કે જેણે પોતાના રસૂલને સત્ય ધર્મની સાથે મોકલેલ છે જેથી તે સઘળા ધર્મો પર પ્રબળ કરી દે, પછી ભલે મૂર્તિપૂજકો તેને ન ગમાડે. જ્યારે હઝરત ઈમામ મેંહદી સાહેબુઝઝમાન(અ.) જાહેર થશે અને હઝરત ઈસા(અ.) આસમાનથી નાઝિલ થશે ત્યારે તે સઘળા દીન નાબૂદ થઈ જશે. ફક્ત એક જ દીન બાકી રહેશે. હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ને લોકોએ આ સૂરાની ૮મી આયતની તફસીર પૂછી. આપે ફરમાવ્યું કે તેનો અર્થ એ છે કે નૂર હઝરત અલી(અ.)ની વિલાયતનું છે કે તેને મોં થકી લોકો હોલવી નાખે પણ ખુદા વિલાયત (ઈમામત)ને કામિલ કરે છે અને ત્યાર પછી આ નવમી આયતની તફસીરમાં ફરમાવ્યું કે તેનો અર્થ એ છે કે ખુદાએ પોતાના રસૂલને હિદાયત માટે મોકલ્યો અને તેમના પછી તેમના વસી અલી ઈબ્ને અબી તાલિબ(અ.)ની વિલાયત છે એટલે સુધી કે તે પછી હઝરત ઈમામ સાહેબુઝઝમાન(અ.) જાહેર થશે.

અય ઈમાનવાળાઓ ! શું તમને હું એવો સોદો દેખાડું કે જે તમને આખેરતમાં દુઃખદાયક અઝાબથી બચાવી લે ? અને તે સાદો એ છે કે ખુદા રસૂલ(સ.) પર ઈમાન લાવો અને અલ્લાહ -રસૂલની રાહમાં જાન માલથી જેહાદ કરો જો તમે સમજો તો આ તમારા માટે સારું છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમને જન્નતોમાં દાખલ કરી દેશે કે જેની હેઠળ નહેરો વહે છે અને તે સ્વચ્છ મકાનોમાં (પહોંચાડશે) કે જે કાયમ રહેનારી જન્નતોમાં છે, એ જ સૌથી મોટી સફળતા છે. (૧૨)**

**અને બીજી તે નેઅમતો (આપશે કે) જેને તમે અત્યંત પસંદ કરો છો, (યાને) અલ્લાહ તરફથી મદદ તથા જલ્દી આવનારો વિજય, અને (અય રસૂલ !) મોમિનોને ખુશખબર સંભળાવી દે. (૧૩)**

**અય ઈમાન લાવનારાઓ ! તમે અલ્લાહના**

મદદગાર બની જાઓ કેમકે મરીયમના પુત્ર ઈસાએ હવારીઓને ફરમાવ્યું હતું કે ખુદાના માટે મારા મદદગાર કોણ કોણ છે? ત્યારે હવારીઓએ જવાબ આપ્યો કે અલ્લાહના મદદગાર અમે છીએ. પછી બની ઈસરાઈલમાંથી એક ટોળું તો ઈમાન લાવ્યું અને એક ટોળાએ ઈન્કાર કર્યો, પછી અમોએ તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા હતા તેમની તેમના શત્રુઓ વિરૂધ્ધ સહાય કરી, જેથી તેઓ સબળ રહ્યા. (૧૪)

અલ્લાહ તઆલા ગુનાહ માફ કરીને તમને જન્નતમાં દાખલ કરશે જેની નીચે નહેરો વહે છે, જેમાં સ્વચ્છ મકાનો છે અને એ જ સહુથી મોટી સફળતા છે.

ઈમાન લાવનારા અને જેહાદ કરનારાઓ માટે આખેરતની સફળતા સિવાય દુનિયાની કામયાબી પણ પ્રાપ્ત થશે અને તે એ કે જેહાદમાં અલ્લાહ એનો મદદગાર હશે અને તેમને વિજય મળશે અને તે તમામ ઈસ્લામી વિજયની ભવિષ્યવાણી છે.

હવારીઓ વિષે બે કોલ છે. એક તો એ કે એ ખાલિસ દિલના હતા અને દરેક દુર્ગુણથી પવિત્ર હતા તેથી તેમને આ નામથી યાદ કરવામાં આવ્યા અથવા એ કે તેઓ સ્વચ્છતાને પસંદ કરતા હતા અને ધોયેલાં સફેદ કપડાં પહેરતા હતા એટલા માટે તેમનું એ નામ રાખવામાં આવ્યું. જનાબે ઈસા(અ.) પછી નસારાઓના ત્રણ સમૂહ થઈ ગયા. એક સમૂહ કહેતો હતો કે એ ખુદા છે અને એ ઉપર ચાલ્યો ગયો. જ્યારે બીજો સમૂહ કહેતો હતો કે તે ખુદાનો દીકરો છે અને તેને બોલાવી લેવામાં આવ્યો, જ્યારે ત્રીજો સમૂહ કહેતો કે ન ખુદા છે ન ખુદાનો બેટો, પણ અલ્લાહનો બંદો અને બરહક રસૂલ છે. આમ પહેલા બન્ને સમૂહ કાફર થઈ ગયા. જ્યારે ત્રીજો સમૂહ મુસલમાન અને મોમિન રહ્યો. પછી કાફર સમૂહે મોમિન સમૂહને પરાજય આપ્યો. પણ જ્યારે ઈસ્લામ ફેલાયો તો મોમિનોનો સમૂહ કાફરો ઉપર વિજય પામ્યો. *

# General Knowledge Corner

102

સંકલન : મો.ઈસ્માઈલહુસૈન ડોડીયા(ઝહીરાબાદ-હિંમતનગર)

**(૧) ભારત સરકારના બંધારણીય વડાને શું કહે છે ?**

(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ
(C) સ્પીકર (D) એટર્ની જનરલ

**(૨) નોકરીમાં નિમણૂક અને બઢતી વખતે અનામત બેઠકોનો ક્રમ નક્કી કરતી યાદીને શું કહે છે ?**

(A) રોસ્ટર (B) મેનિફેસ્ટો
(C) એફિડેવિટ (D) કેવીએટ

**(3) ભારતના કયા બેટસમેને ટેસ્ટ ક્રિકેટમાં સતત પાંચ ટેસ્ટમાં સદી ફટકારેલ છે ?**

(A) સચિન તેંડુલકર (B) રાહુલ દ્રવિડ
(C) અઝહરૂદ્દીન (D) ગૌતમ ગંભીર

**(૪) પાયોરિયા નામનો રોગ શરીરના કયા ભાગ પર અસર કરે છે ?**

(A) આંખ (B) ફેફસાં
(C) દાંત (D) હૃદય

**(૫) તાજેતરમાં વિશ્વના કયા દેશમાં થયેલ ધરતીકંપથી લાખો માણસોની જાનહાની થઈ હતી ?**

(A) મોરક્કો (B) હૈતી
(C) નાબિબીયા (D) કેન્યા

**(૬) જુદી જુદી વનસ્પતિની ઉત્પત્તિ અને તેનું વર્ગીકરણ કરતા શાસ્ત્રને શું કહે છે ?**

(A) હાઈજીન (B) બોટની
(C) જીનેટિક્સ (D) જુઓલોજી

**(૭) ઈ.સ.૨૦૦૮નો ઓલિમ્પિક રમતોત્સવ કયા શહેરમાં યોજાયો હતો ?**

(A) બર્લિન (B) ટોકિયા
(C) લંડન (D) બેઈજિંગ

# ગ ડ મ થ લ ૨૧૧

:::: સંપાદક ::::
મો. મહંમદઅલી આઈ.
બદી (મસી) (મોલીપુર)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | ૭ | | ■ | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ■ | | ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ | ■ | ■ |
| ■ | ■ | ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ■ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | ■ | ■ | ૨૮ | ■ | ૨૯ | ■ | ૩૦ | |
| ૩૧ | | ૩૨ | ૩૩ | ■ | ૩૪ | | ૩૫ | ■ | ■ |
| | ■ | ૩૬ | | | ■ | ૩૭ | | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) નમાઝમાં નિય્યત પછી સ્થિર ઊભા રહેવાની સ્થિતિ (૩)
(૪) તલવાર, તેગ (૪)
(૭) સ્રી માટેનો અરબી શબ્દ, કુરઆનનો એક સૂરો (૨)
(૮) જાણકાર, કુશળ, હોંશિયાર (૩)
(૧૦) દ્વાર, બારણું (૪)
(૧૨) યાત્રીદળ, કાફલો, સંઘ (૩)
(૧૩) દિવસ
(૧૪) ઝાકળબિંદુ (૪)
(૧૬) બક્ષિસ, ભેટ (૨)
(૧૮) ફર્ઝનું બહુવચન, ફરજો (૪)
(૨૦) કિસ્સાનું બહુવચન, કિસ્સાઓ, કથાઓ, વૃત્તાંતો (૩)
(૨૪) રણ, અરણ્ય (૨)
(૨૫) ઈસ્લામી લગ્ન વિચ્છેદન (૩)
(૨૬) અરબી તખ્તીનો છવ્વીસમો અક્ષર (૨)
(૩૦) ભીનું, ભેજવાળું (૨)
(૩૧) હઝરત મૂસા(અ.)નો સમકાલીન બાદશાહ (૪)
(૩૪) માનતા, બાધા (૩)
(૩૬) અંતરાત્મા (૩)
(૩૭) ભાગ્ય, નસીબ (૪)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) ઈસ્લામ ધર્મનો ધર્મમંત્ર, જન્નતની ચાવી (૩)
(૨) કૃપા, મહેરબાની (૩)
(૩) જાન કુરબાન કરનાર (૪)
(૫) ફરેબી, દગાબાજ (૩)
(૬) ઈસ્લામી ઉપવાસનો મહિનો (૪)
(૯) મુખાવરણ, આડ, પડદો, લજ્જા (૩)
(૧૧) ખીણ, બે પર્વતો વચ્ચેની જગ્યા (૨)
(૧૨) સફળ, કામયાબ (૪)
(૧૫) અરબીમાં માણસ માટે વપરાતો શબ્દ (૩)
(૧૭) શક્તિ, બળ (૩)
(૧૯) પીળું, પીળા રંગનું (૨)
(૨૧) નમાઝ માટેનો અરબી શબ્દ (૩)
(૨૨) નરક, દોઝખ, જહન્નમ (૩)
(૨૩) સવાબ માટે પઢવામાં આવતી વધારાની નમાઝો, સુન્નત નમાઝો, નફિલનું બહુવચન (૪)
(૨૭) વિજયી, ફતેહમંદ, કાબૂ ધરાવનાર (૨)
(૨૮) અરબીમાં નકાર માટે વપરાતો પૂર્વગ (૧)
(૨૯) જે કાર્ય પયગમ્બર(સ.)એ કર્યું હોય તે કાર્ય (૩)
(૩૨) હઝરત આદમ(અ.)નો એક શયતાનપરસ્ત ઊંચો ફરઝંદ (૨)
(૩૩) ભીનાશ, ભેજ (૨)
(૩૫) સુધી, પાસે, નજીક (૨)

## ગડમથલ નં.૨૧૦નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ય | ૨ ર | ૩ વ | ■ | ૪ સિ | ૫ ત | મ | ગ | ૬ ર |
| ય | ■ | ૭ ક | બા | ૮ બ | ■ | ૯ લ | બ | ■ | હ |
| ૧૦ ક | ૧૧ દ | મ | ■ | ૧૨ સ | ૧૩ બ | બ | ■ | ૧૪ મે | વા |
| ૧૫ ર | વા | ■ | ૧૬ ચો | ■ | ૧૭ લ | ગા | ૧૮ વ | ■ | ર |
| ■ | ■ | ૧૯ અ | મ | ■ | ૨૦ દ | ર | બા | ર | ■ |
| ૨૧ કુ | રા | ન | ■ | ૨૨ ઈ | ■ | ■ | લ | ■ | ૨૩ જ |
| ર | ■ | ૨૪ જા | ન | મા | ઝ | ■ | ■ | ૨૫ શા | મ |
| ૨૬ બ | દ | ન | ■ | ન | ■ | ૨૭ અ | હ | મ | દ |
| ત | ■ | ■ | ૨૮ હ | ■ | ૨૯ ક | ઝા | ■ | ■ | રા |
| ૩૦ ન | હે | ર | વા | ન | ■ | ૩૧ ન | જ | રા | ન |

# કેન્સર વિશે સામાન્ય માહિતી

**કેન્સર એટલે શું ? :**

આપણા શરીરનું મહત્વનું એકમ કોષ છે. માનવ શરીર આવા લાખો કોષોનું બનેલું છે. આ કોષોનું નિયમબધ્ધ વિભાજન થાય છે. તે કોષોના સપ્રમાણ વિભાજનથી બધા અંગોનો સપ્રમાણ વિકાસ થાય છે. પરંતુ કેટલાક બાહ્ય પરિબળો કે આંતરિક ખામીને કારણે કોષોની વૃધ્ધિ અને વિભાજનની ક્રિયાનો લય તૂટી જાય છે. આથી કોષોની કાબૂ બહારની વૃધ્ધિ શરીરમાં ગાંઠ ઉત્પન્ન કરે છે. ઘણી વખત ગાંઠ ફાટી જાય છે તો તે ચાંદા રૂપે પણ દેખાય છે. આ ગાંઠ કે ચાંદાને કેન્સર કહેવાય છે. લોહીના કેન્સરમાં ગાંઠ કે ચાંદુ દેખાતું નથી કારણ કે તેના કોષો લોહીમાં ભળીને શરીરમાં પ્રસરે છે. જુદા જુદા ૧૦૦ કરતાં વધુ પ્રકારનાં કેન્સર જાણીતાં છે.

**ભારતમાં કેન્સરનું પ્રમાણ :**

ભારતમાં અત્યારે કેન્સરનું પ્રમાણ દર એક લાખની વસ્તીએ ૭૦ થી ૯૦નું ગણવામાં આવે છે. દર વર્ષે કેન્સરના નવા ૮ લાખ દર્દીઓ જોવા મળે છે. તેમજ ૨૪ લાખ જૂના દર્દીઓ છે. ૪૮% પુરૂષોમાં અને ૨૦% સ્ત્રીઓમાં થતા કેન્સરનું મુખ્ય કારણ તમાકુનું સેવન (બીડી-સિગારેટ, ગુટકા, પાન મસાલા, છીંકણી, વગેરે) છે. આપણા દેશમાં પુરૂષો તથા સ્ત્રીઓ બન્ને જાતિઓમાં મોં અને ગળાનું કેન્સર, સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશયના મુખનું કેન્સર વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ત્રણેય પ્રકારના કેન્સરનું પ્રમાણ કુલ કેન્સરના ૫૦% થી વધુ જોવા મળે છે. આ ત્રણ પ્રકારનાં કેન્સર -

૧. જાત તપાસ દ્વારા જલ્દીથી શોધી શકાય છે.
૨. તેનું વહેલું નિદાન થઈ શકે છે.
૩. શરૂઆતના તબક્કામાં નિદાન થાય તો આ પ્રકારનાં કેન્સર સંપૂર્ણપણે મટાડી શકાય છે.

**કેન્સર વિશેની વૈજ્ઞાનિક માહિતી :**

❋ કેન્સર કોઈ એક રોગ નથી પણ રોગોનો એક સમૂહ છે.

❋ કેન્સર ચેપી રોગ નથી કારણ કે તે કોષોમાં ઉદ્ભવતી અસામાન્યતાને કારણે થાય છે. કેન્સરના દર્દીની સેવા કરનારને ચેપ લાગતો નથી.

❋ વ્યક્તિ જો પોતાના આરોગ્ય અંગે જાગૃત રહે અને શરીરમાં અનુભવાતા અસામાન્ય ફેરફારને મહત્વ આપી ડૉકટરી તપાસ કરાવે અને કેન્સરનું શરૂઆતના તબક્કામાં જ નિદાન થાય તો તેને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય છે.

(ક્રમશઃ) - મોમિન મેડિકલ સહાય યોજના

*નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે*


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Disobedience *(આજ્ઞાનો અનાદર)*

برسر مُلک مباد آن مَلک فرمانده
که خدا را نبود بندهٔ فَرمَانبردار

***બર સર મુલ્ક મબાદ આં મલકે ફરમાનદા***
***કે ખુદારા ન બૂદ બંદએ ફરમાબરદાર***

*(બાદશાહની ગાદી ઉપર કદી પણ એવો શાસક બેસવો ન જોઈએ કે જે અલ્લાહનો આજ્ઞાકારી સેવક ન હોય.)*

ابر و باد و مه و خورشید و فلک در کارند
تا تو نانی به کف آری و به غفلت نخوری
همه از بهر تو سرگشته و فرمانبردار
شرط انصاف نباشد که تو فرمان نبری

***અબ્ર વ બાદ વ મહ વ ખુરશીદ વ ફલક દર કારનદ***
***તા તૂ નાની બ કફ આરી વ બ ગફલત નખૂરી***
***હમા અઝ બહર તૂ સરગશ્તા વ ફરમાબરદાર***
***શર્તે ઈન્સાફ ન બાશદ કે તૂ ફરમાનબરી***

*(વાદળો, પવન, ચંદ્ર, સૂર્ય અને ગગનમંડળ, આ બધાં એટલા માટે કાર્યરત છે કે તું રોઝી રોટી કમાવા માટે શક્તિમાન બને અને બેદરકારીપૂર્વક (અલ્લાહનો આભાર માન્યા વગર) તે ખાય નહીં. આ બધાં જ પ્રકૃતિનાં તત્વો મુંઝવણ અનુભવે છે અને તારાં સહાયભૂત છે. અલ્લાહની નાફરમાની કરવી એ તારા પક્ષે અન્યાયી બાબત ગણાશે.)*

## Distress *(વ્યથા / વેદના)*

آن که در راحت و تنعّم زیست
او چه داند که حال گرسنه چیست ؟
حال درماندگان کسی دانَد
که به احوال خویش درمانَد

***આં કે દર રાહત વ તનઅ્અમ ઝીસ્ત***
***અવ ચે દાનદ કે હાલ ગરસના ચીસ્ત?***
***હાલ દર માનદગાન કસી દાનદ***
***કે બ અહવાલ ખવીશ દર માનદ***

*(એ માણસ કે જે સુખ સગવડ અને વૈભવમાં રહેતો હોય તે બીજા લોકોની ભૂખની વેદનાને કેવી રીતે જાણી શકે ? માત્ર એક જ માણસ કે જે વ્યથાથી પીડાતો હોય તે જ લાચાર માણસની વેદનાને સમજી શકે છે.)*

## Divine Guidance *(ઈલાહી માર્ગદર્શન)*

از تو به که نالم، که دگر داور نیست ؟
وز دست تو هیچ دست بالاتر نیست
آنرا که تو رهبری، کسی گُم نکند
وآنرا که تو گُم کنی، کسی رهبر نیست

***અઝ તૂ બ કે નાલમ કે દિગર દાવર નીસ્ત ?***
***વઝ દસ્ત તૂ હૈચ દસ્ત બાલાતર નીસ્ત***
***આનરા કે તૂ રહબરી કસી ગુમ નકનદ***
***વ આનરા કે તૂ ગુમ કની કસી રહેબર નીસ્ત***

*(બીજા કોઈને નહીં, પરંતુ માત્ર તને જ હું ફરિયાદ કરી શકું છું કારણ કે તારા સિવાય બીજો કોઈ ન્યાયધિશ નથી અને તારા હાથ સિવાય બીજો કોઈનો હાથ વધારે શક્તિશાળી નથી. એ કે જે તારા દ્વારા હિદાયત પ્રાપ્ત કરે છે તે કોઈ પણના વડે ગુમરાહ થઈ શકતો નથી અને એ માણસ કે જેને તેં તરછોડી દીધો તેના માટે બીજો કોઈ હાદી નથી.)*

## Divine Grace *(ઈલાહી કૃપા)*

شب تاریک دوستان خدای
می بتابد چو روز رخشنده
وین سعادت به زور بازو نیست
تا نبخشد خدای بخشنده

***શબ તારીક દોસ્તાન ખુદાઈ***
***મી બતાબદ ચૂ રોઝ રખશનદા***
***વીન આદત બ ઝોરે બાઝૂ નીસ્ત***
***તા નબખશદ ખુદાઈ બ ખુશનદા.***

(અવલિયા અલ્લાહ માટે અંધારી રાત પ્રકાશિત દિવસ જેટલી જ તેજસ્વી હોય છે અને આવી સફળતા કોઈના બાહુબળથી પ્રાપ્ત થઈ શકતી નથી સિવાય કે દુનિયાના દાતારની મરજી હોય.)

**Divine Pardon *(ઈલાહી માફી)***

گر به محشر خطاب قهر کند
انبیا را چه جای معذرت است ؟
پرده از روی لطف گو بردار
کِاَشقیا را امید مَغفِرت است

***ગર બા મહેશર ખતાબા કહર કુનાદ***
***અંબીયા રા ચે જાઈ માઝરત અસ્ત ?***
***પર્દા અઝ રવી લુત્ફ ગો બારદાર***
***કે અશ્કિયા રા ઉમીદ મગ્ફેરત અસ્ત***

(જો કયામતના દિવસે અલ્લાહ પોતે જ કાહેર (કોપાયમાન) બની જાય તો અલ્લાહના પયગમ્બરો પણ શું બહાનું રજૂ કરી શકે ? માટે ચાલો આપણે બધા પણ અલ્લાહ તેની કૃપા આપણા ઉપર વરસાવે તે માટે તેની સમક્ષ દુઆ માગીએ કેમકે ગુનેગાર માણસ પણ તેના દ્વારા માફી મળવાની આશા રાખતો હોય છે.)

تشنگان را نماید اندر خواب
همه عالم به چشم، چشمهٔ آب

***તશ્નગાાન રા નુમાયદ અંદર ખ્વાબ***
***હમા આલિમ બા ચશ્મ ચશ્મએ આબ***

(તરસ્યા માણસો તેમના સ્વપ્નોમાં આખી દુનિયાને એક પાણીના ઝરણા સ્વરૂપે નિહાળે છે.)*


**હકારાત્મક વિચારધારાનું સમર્થક આપણા સૌનું**

**જાફરી ટાઈમ્સ** સાપ્તાહિક

**આ સાપ્તાહિકને વેગવંતુ અને પગભર બનાવવા માટે તેના ગ્રાહક બનીને, સમાચાર મોકલીને અને જાહેરાત આપીને સહયોગ આપો.** **વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-**

***શું આપ સારા ધંધાની શોધમાં છો ?***

***પોતાનો નાનો મોટો ધંધો શરૂ કરવા માગો છો ?***

અમે આપીશું આપને સુપર માર્કેટના ધંધાને લગતી ૧ વર્ષની સંપૂર્ણ ટ્રેનીંગ જેના દ્વારા તમે તમારા વિસ્તારમાં **'હાર્ટી માર્ટ'** બનાવીને આધુનિક પધ્ધતિથી ધંધો શરૂ કરી શકો છો.

***: વધુ માહિતી માટે સંપર્ક કરો. :***

***હાર્ટી માર્ટ સુપર માર્કેટ***
વિશાલા સર્કલ, અમદાવાદ. ફોન : ૨૬૮૨૮૪૪૦
વેબસાઈટ : www.heartymart.com

SMART SHOP

SMART SHOP

**HEARTY MART**

***સુપર માર્કેટ*** ***અમદાવાદ***
(૧) સ્માર્ટ શોપ - ઈલોલ
(૨) મેક્ષી શોપ - વડનગર
(૩) એલીટ શોપ - ઈડર
(૪) સંકલ્પ શોપ - ધોળકા

***સરલ***
(૧) સહયોગ સરલ શોપ
(૨) ટાઈની શોપ - પીંપોદર
(૩) સિધ્ધિ શોપ - ઝહીરાબાદ

**HEARTY MART ENTERPRISE**
(૧) બાઉન્ટી શોપ - સુરત

હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....



# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૬૭**

**દેખો ને પીયા કે પંથ કે બેદા,**
**તો દિલકું સુણતે ક્યું હોવે નાં છેદા ?**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તમે પીયુના પંથના ધર્મશાસ્ત્રને -ધોરી માર્ગને તો જુઓ. એ સાંભળીને તમારું દિલ છેદાઈ કેમ જતું નથી ?)*

**વે કોઈ ભુલે જે અબુઝ અગાંના,**
**દેખો પીયા પંથકા નાં બુઝે બયાંના.**

*(પીયુના પંથના બયાનને સમજીને જે માણસ ભૂલી જાય તે માણસ તો અણસમજુ અને અજ્ઞાન જ કહેવાય.)*

**બેદકા ભેદ જે બુઝે નાં કોહી,**
**અબુઝ ભુલે બેદ દેખ સોહી.**

*(ધર્મશાસ્ત્રના-શરીઅતના ધોરી માર્ગના ભેદને જે કોઈ ના સમજે તેવો માણસ અણસમજુ છે કે જે ધોરીમાર્ગને જોઈને પણ ભૂલી જાય છે.)*

**પંથ પીયાકા એ તરીકત જાંનો,**
**તો ભેદ બેદકા કાહે નાં પિછાંનો ?**

*(પીયુનો આ પંથ તરીકતનો પંથ છે - ગુજ ભેદનો પંથ છે તો પછી શરીઅતના ધોરીમાર્ગના રહસ્યને શા માટે ન ઓળખવું ?)*

**કે ફરિશ્તા દેખો નુર કી દેહા,**
**પીયા કે પંથસું કીયા સનેહા.**

*(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તમે ફરિશ્તાઓને જુઓ કે તેમને અલ્લાહે નૂરમાંથી બનાવ્યા છે અને તેઓએ પીયુના પંથ સાથે સ્નેહ રાખ્યો છે.)*

**પણ ભેદ રાહાકા બેદ નાં બુઝા,**
**તો અંધા હુવા ને કછુએ નાં સુઝા.**

*(પરંતુ જેણે અલ્લાહના માર્ગના ધર્મશાસ્ત્રનો ભેદ ન સમજી લીધો તો તે આંધળો થઈ ગયો અને તેને કંઈ સૂઝબુઝ પડી નહીં.)*

**જે બોત કમાયા ભેદ બિના જાંણી,**
**તો ફલપત પાયા જેસી રે કમાંણી.**

*(જેણે ભેદને જાણ્યા વગર જ ધર્મની કમાણી કરી તો જેવી તેણે કમાણી કરી એવું ફળ - એવો ફાયદો તેને મળ્યો.)*

**પંથી હો રાહકા બેદ માંહે આવે,**
**પણ ભેદ બિના બુજે આપ ગમાવે.**

*(પીયુના માર્ગનો પંથી શરીઅતના ધોરી માર્ગમાં આવે પરંતુ તે આ માર્ગનો ભેદ સમજ્યા વિના પોતાની જાતને ગુમાવે છે.)*

**દુરિજન રાહ માંહી આ પંથ ગમાહા,**
**તો અબુઝ નાં બુઝે દુરિજન ઠાંહા.**

*(આ પંથમાંથી પથિકને ગુમરાહ કરવા માટે દુરિજન શયતાન બેઠેલો જ હોય છે પરંતુ જે અબુઝ -અણસમજુ બંદો હોય છે તે દુરિજન શયતાનને સમજી શકતો નથી.)*

**જો ભેદ ન જાંણે બેદ સર કીજે,**
**તો પીયા કેરા પંથ જુઆ ક્યું લીજે ?**

*(જો પંથનું રહસ્ય ન જાણે તો ધર્મશાસ્ત્રને ધોરીમાર્ગને અપનાવી લેજે. પરંતુ પીયુના પંથથી અલગ બીજો પંથ શા માટે લેવો ?)*

**જો હેત અનેરા અને પીયા રંગ રાતા,**
**સો પંથ પીયા કે નિત ઉઠ જાતા.**

*(જે બંદાને પોતાના પીયુ પ્રત્યે વિશિષ્ઠ પ્રકારનો*

પ્રેમ હોય અને જે પીયુના રંગમાં રસ તરબોળ હોય તેવો બંદો હર હંમેશ ઉઠીને પીયુના પંથે જ જાય છે.)

**ભીતર શેતાંન રાહ દિખાયા,**
**ભેદ હો બિન વે મરમ નાં પાયા.**

(જે બંદાને શયતાને રસ્તો બતાવ્યો છે તે બંદાએ આ પંથનો ભેદ જાણ્યા વગર તેનો મર્મ પ્રાપ્ત કર્યો નથી.)

**દેખોને અઝાઝીલ ઉસકા નાંમા,**
**ભેદ બિના ભુલા કરે ખુબ કાંમા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તમે જુઓ કે શયતાનનું નામ અઝાઝીલ હતું પરંતુ તેણે આ રસ્તાનો ભેદ ન જાણ્યો તો ગુમરાહ થઈને કેટલાં બધાં (ખોટાં) કાર્યો કર્યે જાય છે.)

**જિસકું રે પંથી, પંથ સર કહીએ,**
**તો ભેદ વે બિના શેતાંન લહીએ.**

(તેને પીયુના પંથ પર ચાલનારો પંથી ભલે કહેવાતો હોય પરંતુ જો તે આ રસ્તાનો ભેદ ન જાણતો હોય તો તેને શયતાન જ ગણવો.)

**અઝાઝીલ નુરીકા મરઘા જાંનો,**
**તો નુરી ભી ઉસકું નુરમાં પિછાંનો.**

(અઝાઝીલ બધા જ ફરિશ્તાઓનો સરદાર હતો તે જાણો અને બધા ફરિશ્તાઓ પણ તેને નૂરમાંથી બનેલો છે એવું જાણતા હતા.)

**પંથ ઉનું પીયાકા બોત ચંત દીતા,**
**પંથ માંહે ચલતે ઉઝર નાં કીતા.**

(તે અઝાઝીલે પીયાના પંથ ઉપર ચાલવાની ખૂબ જ ચિંતા કરી અને એ પંથ ઉપર ચાલવા માટે જરા પણ આનાકાની ન કરી.)

**સુરિજન પીયા હે રંગ અનોરા,**
**તો ભેદ બિના નાં બુઝા તેરા છેરા.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે સુરિજન એવા પીયુનો રંગ જ કંઈક અનેરો છે તેનો ભેદ જાણ્યા વગર તેનો અંત જાણી શકાતો નથી.)

**ભેદ બિના બેદ જે જાંણસી, મુરખ વે ગમાર રે,**
**મુરખ વે ગમાર;**
**જીભે કહે ગુંચણ પડી, વે કદી નાં ઉતરે પાર રે,**
**વે કદી નાં ઉતરે પાર.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જે માણસ ભેદ જાણ્યા વગર શરીઅતના ધોરીમાર્ગને જાણશે તે મૂરખ અને ગમાર છે જેની જીભમાં જ ગૂંચણ પડી હોય તે કદી પેલે પાર ઉતરી શકશે નહીં.) ✻


આયુર્વેદિક પધ્ધતિથી વજન ઘટાડવા તેમજ અન્ય રોગોની સારવાર માટે મળો.

**શિફા આયુર્વેદિક ક્લીનીક**

**ડો. આબિદહુસૈન બલોસપુરા**

ઝહીરાબાદ સામે, પાણપુર પાટિયા, વિજાપુર રોડ, હિંમતનગર-૩૮૩ ૦૦૧. જિ. સાબરકાંઠા.



- ❖ શું આપ હોટલ / રેસ્ટોરન્ટ કે ગેસ્ટ હાઉસ બનાવવા માગો છો ?
- ❖ શું આપ ઉપરોક્ત ધંધાને લગતાં જરૂરી સાધનો આયાત કરવા માગો છો ?
- ❖ શું આપ ફર્નીચર, લાઈટીંગ, બાંધકામનો સામાન તથા સુશોભન માટેનો સામાન ખરીદવા માગો છો ?
- ❖ શું આપને આયાત અને નિકાસ અંગેની સંપૂર્ણ માહિતી જોઈએ છે ?
- ❖ શું આપ પહેલી વાર ચાઈના જવા માટે ગૃપ ટુરમાં જોડાવા ઈચ્છો છો ?
- ❖ શું આપ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ અંગેની સંપૂર્ણ માહિતી મેળવવા ઈચ્છો છે ?

**ઉપરોક્ત સુવિધાઓ અંગે સંપૂર્ણ માહિતી માટે મળો**

**જનાબ સૈયદ સજ્જાદહૈદર જાફરી**

Contact No. : 09898664336

Mail : sajjadhaiderjafri@gmail.com

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે સિફ્ફીનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જ્યારે યુધ્ધનું મેદાન ગરમ થઈ ગયું તો શામની ફોજમાંથી એક દિલાવર અનુભવી ઘોડેસવાર મુખરાક નામનો બહાર નીકળીને બન્ને હરોળો વચ્ચે આવીને લડવૈયાની માગણી કરવા લાગ્યો. ઈરાકના લશ્કરમાંથી ઉબૈદુલ મરાદી તેના મુકાબલામાં આવ્યો. પ્રથમ તો બન્ને જણ પરસ્પર નેઝાબાજી કરતા રહ્યા પછી તલવાર લગાવવા લાગ્યા. શામીએ તેને મારી નાખ્યો અને ઘોડા ઉપરથી નીચે ઉતરીને તેનું મસ્તક કાપીને કપાળ વરાણે તેને જમીન પર ઊંધું કરીને મૂકી દીધું અને ઘોડા ઉપર ચઢીને લડવૈયાની માગણી કરવા લાગ્યો. અઝૂના કબીલાનો મુસ્લિમ અબ્દુર્રહેમાન નામનો નવયુવાન તેના મુકાબલા માટે નીકળ્યો. તે શામીએ તેની સાથે પણ એવો જ વ્યવહાર કર્યો કે જેવો તેના પહેલાંના જવાન સાથે કર્યો હતો. આવું કરીને ફરીથી તે લડવૈયાની માગણી કરવા લાગ્યો.

જનાબે અમીર(અ.) પોષાક બદલીને તેના મુકાબલામાં નીકળ્યા. શામી તેમને ઓળખી ન શક્યો. જનાબે અમીર(અ.)એ તેનો પ્રતિકાર કરીને તેના ખભા ઉપર તલવાર મારી જેથી તેનો એક બાજુનો ખભો કપાઈ ગયો અને તે જમીન પર પડી ગયો. આપ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને તેનું મસ્તક ધડથી જુદું કરીને તેના મોઢાને આકાશ તરફ ફેરવીને જમીન પર મૂકી દીધું. પછી ઘોડા ઉપર સવાર થઈને લડવૈયાની માગણી કરવા લાગ્યા.

શામનો એક બીજો ઘોડેસવાર આપના મુકાબલામાં નીકળ્યો. આપે તેની સાથે પણ એવો જ વ્યવહાર કર્યો કે જેવો પહેલાની સાથે કર્યો હતો. આવી રીતે એક પછી એક સાત સવારો આપના મુકાબલા માટે નીકળ્યા. આપે તે બધાયની સાથે પણ એવો જ વ્યવહાર કર્યો કે જેવો પહેલા શામી સાથે કર્યો હતો.

આ જોઈને શામના લોકો આપના આગળથી ખસી ગયા. ત્યાર પછી કોઈ પણ માણસ લડવૈયાની માગણી સાંભળીને આપની સામે ન આવી શક્યો. આપ બન્ને હરોળોની વચ્ચે ટહેલવા લાગ્યા. પોષાકની ફેરબદલીના કારણે શામના લોકો હઝરતને ઓળખી શકતા ન હતા. મોઆવિયાનો એક ગુલામ કે જેને હર્બ કહેવામાં આવતો હતો તે માણસ બહાદુરીની બાબતમાં પંકાયેલો હતો. મોઆવિયાએ તેને કહ્યું, અય હર્બ ! તું આ ઘોડે સવારના મુકાબલામાં જા અને તેને કતલ કરીને મારું કાળજું ઠંડુ કર. તું જુએ છે કે તેણે તારા કેટલા બધા દોસ્તોને મારી નાખ્યા છે. હર્બ કહેવા લાગ્યો, હું આ સવારના મરતબાને પારખી ચૂક્યો છું. અગર તારી આખી ફોજ પણ તેના મુકબલામાં નીકળશે તો પણ તે એને ફના કરી દેશે. અગર તારી ઈચ્છા એવી હોય કે હું તેના મુકાબલામાં જાઉં તો સમજી લે કે તેના હાથે મારું મોત આવી ચૂક્યું છે. આના સિવાય બીજા કોઈના મુકાબલામાં મને મોકલીને જોઈ લે. મોઆવિયા કહેવા લાગ્યો, હું કદી પણ તારા મોતની ઈચ્છા રાખતો નથી. તું તારી જગ્યાએ

જ રહેજે જેથી તારા સિવાય બીજો કોઈ માણસ તેના મુકાબલા માટે નીકળે.

જનાબે અમીર(અ.) મોટા અવાજે ફરમાવવા લાગ્યા, અય શામીઓ ! તમને શું થઈ ગયું છે કે તમારામાંથી કોઈ નવયુવાન મારી સામે આવતો નથી ? પછી આપે પોતાના ટોપા નીચેની લોખંડની જાળી ઉઠાવી. બધા લોકો આપને ઓળખી ગયા અને આપ પોતાના લશ્કર તરફ પાછા જતા રહ્યા. ત્યાર પછી એવા સંજોગો ઊભા થયા કે બન્ને લશ્કરો સામ સામે આવી ગયાં. શામના બહાદુરોમાંથી એક માણસ કે જે કરીબ બિનુલ સબાહના નામથી પ્રખ્યાત હતો તે મેદાનમાં બન્ને હરોળોની વચ્ચે ઊભો રહીને લડવૈયાની માગણી કરવા લાગ્યો.

ઈરાકના લોકોમાંથી એક ઘોડેસવાર કે જેનું નામ મુબરકા અલ ખુલાની હતું તે તેની સામે ગયો. શામીએ તેને કતલ કરી નાખ્યો. પછી હારિસ અલ હકમી તેની સાથે લડવા માટે નીકળ્યો. તે પણ તેના હાથે માર્યો ગયો. જનાબે અલી(અ.)એ તેની સ્ફૂર્તિ જોઈ અને ખુદ પોતે જ સવાર થઈને તેની સામે તશરીફ લઈ ગયા અને તેને પૂછયું કે તારું નામ શું છે ? તેણે જવાબ આપ્યો, મને કરીબ ઈબ્નુલ સબાહ અલ હમીરી કહે છે. આપે ફરમાવ્યું, અય કરીબ ! હું તને કહું છું કે તું તારા દિલમાં ખુદાનો ડર પેદા કર. મારી નજરમાં તું બહાદુર માલૂમ પડે છે. તેથી અગર જે હાલ અમારા થાય તેવા તારા પણ થાય તો બેહતર છે. તું ખુદાના અઝાબથી તારા જીવને બચાવી લે, ક્યાંક મોઆવિયા તને જહન્નમમાં ન લઈ જાય. કરીબે કહ્યું, અય અલી ! જો આપ લડવા ઈચ્છતા હો તો મારી સામે આવો. આટલું કહીને તે પોતાની તલવારને ચમકાવવા લાગ્યો. જનાબે અમીર(અ.)એ તેની પાસે જઈને પોતાની તલવારને મ્યાનમાંથી બહાર કાઢી. અડધી ઘડી સુધી આપસમાં વાર્તાલાપ થતો રહ્યો. જનાબે અમીર(અ.)એ પહેલ કરીને એક એવો પ્રહાર કર્યો કે તે કતલ થઈને જમીન પર પડી ગયો.

આપ તેનાથી ફારેગ થઈને ફરીથી શામીઓ તરફ મોઢું કરીને લડવૈયાની માગણી કરી. તેનો ભાઈ હારિસ અલ હમીરી આપના મુકાબલા માટે નીકળ્યો. આપે એક જ ઝટકામાં તેનું કામ તમામ કરી દીધું. એવી જ રીતે ચાર માણસો આપના હાથે કતલ થયા. આપ લડતા જતા હતા અને કુરઆનની આયત પઢતા જતા હતા જેનો ભાવાર્થ આ મુજબ હતો : 'હુરમતનો મહિનો હુરમતના મહિનાના મુકાબલામાં અને અદબ રાખવામાં બદલાયો છે પછી જેણે તમારા ઉપર ઝિયાદતી કરી, તમે પણ તેના પર ઝિયાદતી કરો કે જેવી તેણે તમારા પર ઝિયાદતી કરી હોય અને અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે અલ્લાહ પરહેઝગારોની સાથે છે.'

પછી આપે મોટા અવાજે ફરમાવ્યું, અય મોઆવિયા ! લડાઈ મારી અને તારી વચ્ચે છે. નાહક અરબનું કામ તમામ થતું જાય છે. તું પોતે જ મારી સામે આવી જા જેથી જે વિજયી બને તેના હાથમાં મેદાન રહે. મોઆવિયાએ જવાબ આપ્યો, મને આપના મુકાબલાની જરૂર નથી. આપે અરબના ચાર ખૂંખાર હિંસક પ્રાણીઓને મારી નાખ્યા છે. હવે આપ તેના ઉપર સંતોષ માનો.

મુઆવિયાની ફોજમાંથી ઉર્વા બિન દાઉદ બોલી ઉઠ્યો કે અય ઈબ્ને અબીતાલિબ ! જો મોઆવિયા આપના મુકાબલાથી ડરતો હોય તો મારા મુકાબલામાં તશરીફ લાવો. જનાબે અમીર(અ.) તેની તરફ આગળ વધ્યા. ઉર્વાએ આગળ વધીને એક પ્રહાર કર્યો કે જે ઓછો પડ્યો. જનાબે અમીર(અ.)એ આગળ વધીને એવો પ્રહાર કર્યો કે તે કતલ થઈને નીચે પડી ગયો. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું, જા, સીધો જહન્નમમાં ચાલ્યો જા. (ક્રમશઃ)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### પ્રમાણિકતા અને જૂઠ

(ગતાંકનું ચાલુ)

**જૂઠ વિષે બીજા ધર્મો શું કહે છે ? :**

- **'જૂઠું બોલતા હોઠ ભગવાનને અણગમતા હોય છે.'** (જુડાઈઝ અને ખ્રિસ્તી ધર્મ કહેવતો ૧૨:૨૨)
- **'તમારું દિલ જે ઈચ્છતું હોય તે તમારા મોઢેથી પ્રગટ કરો નહીં.'** (તાઓઈઝમ : ટ્રેક્ટ ઑફ ધ ક્વાઈટ વે)
- **'હું તમને કહું છું કે ન્યાયના દિવસે માણસને તેના બેકાળજીપૂર્વક બોલેલા પ્રત્યેક શબ્દને ધ્યાનમાં લઈને તેનો બદલો અપાશે કેમકે તમારા શબ્દો દ્વારા તમારો ન્યાય કરવામાં આવશે અને તમારા શબ્દો દ્વારા જ તમને દોષિત ઠરાવવામાં આવશે.'** (ખ્રિસ્તી ધર્મ - મેજ્યુ ૧૨.૩૪-૩૭)
- **'એવા જૂઠા માણસ દ્વારા કોઈ પણ અનિષ્ટ એવું નહીં હોય કે જે તેના દ્વારા ન થયું હોય કે જેણે સચ્ચાઈના એકાદ નિયમનું ઉલ્લંઘન કર્યું હોય અને જે પરલોકની દુનિયા પ્રત્યે ઉદાસીન હોય.'** (બુધ્ધ ધર્મ : ધમ્મપદ ૧૭૬)
- **'બધી બાબતો વાણીની મર્યાદા દ્વારા નક્કી થાય છે. વાણી જ તેમનું મૂળ છે અને વાણીથી જ તેઓ આગળ વધે છે. તેથી જે વાણીની બાબતમાં અપ્રમાણિક હોય છે તે દરેક બાબતમાં અપ્રમાણિક હોય છે.** (હિન્દુ ધર્મ : મનુના કાયદા ૪-૨૫૬)
- **'જૂઠો માણસ પોતાની જાત સાથે પણ જૂઠું બોલે છે અને સાથે સાથે દેવો સાથે પણ.'** (બુધ્ધ ધર્મ : સૂત્ર-૨૭)
- **જ્યારે માણસ પ્રમાણિકતાને અને સચ્ચાઈને જાળવી રાખે છે ત્યારે તે (ગુણો) તેના બધા કાર્યોનાં લક્ષણો બને છે અને તેવો માણસ જ સદાચારી હોય છે.**

વિદ્વાનોએ સચ્ચાઈની છ એવી બાબતોને ઓળખીને તારવી બતાવી છે કે જે કોઈ પણ મુસલમાને ધરાવવી જોઈએ.

(૧) કોઈ પણ પ્રકારનું જૂઠ બોલવાથી **પોતાની જાતને રોકવી.**

(૨) **નિય્યતમાં નિખાલસતા :** એનો અર્થ એવો થાય કે એવી કોઈ બાબત વાણી દ્વારા વ્યક્ત ન કરવી કે જે મગજમાં કંઈક જુદી જ હોય.

(૩) **સચ્ચાઈપૂર્વકનો નિર્ધાર :** એનો અર્થ એવો થાય છે કે જો આપણે કોઈ નેક કાર્ય કરવાનો ઈરાદો કરીએ તો એ કાર્ય કરવાના આપણા નિર્ધારને વધારે મક્કમ બનાવવો, ખાસ કરીને જ્યારે એવી તક આવી જાય ત્યારે.

(૪) જે મક્કમ નિર્ણય કર્યો હોય **તે પ્રમાણે જ વર્તવું.**

(૫) **કાર્યમાં નિખાલસતા.**

(૬) **મનોવૃત્તિમાં નિખાલસતા** એનો અર્થ એવો થાય કે જો આપણે એવું કહીએ કે અમે તો અલ્લાહ ઉપર જ આધાર રાખીએ છીએ તો આપણે ખરેખર એવો જ ઈરાદો રાખવો અને તેને આપણાં કાર્યો દ્વારા સમર્થન આપવું.

જે માણસ સચ્ચાઈનાં ઉપરોક્ત છ લક્ષણો ધરાવતો હોય તે જ સાચો ઈમાનદાર માણસ છે. તદ્‌ઉપરાંત તેણે નેક બનવું જ પડે કારણ કે સચ્ચાઈ સદાચારના પ્રત્યેક પાસાને પ્રોત્સાહિત કરે છે.

જ્યારે કોઈ માણસ સચ્ચાઈ ધરાવે છે તો તે **'સાચા બોલા'** તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરે છે, માત્ર

તેના સહવાસીઓની સાથે જ નહીં, પરંતુ અલ્લાહની સાથે પણ. આ ચુકાદો તેના ઉપર પસાર થઈ ગયો હોય છે અને તેની જાહેરાત ફરિશ્તાઓમાં અને બીજી મખ્લૂકમાં પણ થઈ જાય છે.

